॥ વરદ હસ્ત પ્રભુ તમારો. સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯



## ॥ પગ બે હોય છે : એક 'રા' અને બીજો 'મ'. બંને મારા ! ॥

બુદ્ધનો એક શિષ્ય હતો. એના જીવનચરિત્રમાં લખ્યું છે કે, તે આઠ વર્ષ સુધી એક દીવાલની સામે એકીટસે જોતો બેસી રહ્યો. તો કહેવાય છે કે આઠ વર્ષ પછી દીવાલ તૂટી ગઈ ! પોતાની મેળે જ ટૂટી ગઈ. તો નામજપ કરવાથી શું નથી થતું ?

વિનોબાજીએ પોતાની પદયાત્રાનો એક અનુભવ રામનામના સંદર્ભમાં દર્શાવતાં સરસ કહ્યું છે : 'તમે રામનામસંકીર્તન ન કરો. જ્યાં સંકીર્તન થઈ રહ્યું છે એનું દર્શન પણ ન કરો. કિન્તુ તમને એવા સમાચાર મળે કે બે કિલોમીટર એક ગામ છે ત્યાં ત્રણ વર્ષથી સંકીર્તન ચાલી રહ્યું છે, ત્યાં અખંડ સંકીર્તન થઈ રહ્યું છે. અને તમે એ દિશા તરફ મોં ફેરવો, ત્યાં ન જાઓ, ભલે તમે કીર્તન ન કરો, તમે એ જુઓ પણ નહિ; પણ એ દિશામાં બે હાથોથી જો વંદન કરો તો પણ તમારા પાપનું વિમોચન થઈ જાય. નામનો મહિમા કેટલો છે !'

ઈશ્વર પાસે જવા માટે વેદમાં ત્રણ રસ્તા છે : જ્ઞાન, ભક્તિ ને કર્મ. પરંતુ ભરતે આ ત્રણમાંથી કોઈપણ માર્ગ સ્વીકાર્યો નહિ. જ્યારે ભગવાન રામને મનાવવા માટે ચિત્રકૂટ તરફ લોકો નિકળ્યા ત્યારે કેટલાક અશ્વ પર બેસી ગયા, કેટલાક રથમાં બેઠા ને માતાઓ પાલખીમાં બેઠી. આ અનુક્રમે જ્ઞાન-કર્મ અને ભક્તિમાર્ગી લોકો હતા.

ભરતે પગે ચાલવાનો નિર્ણય કર્યો. 'પગ બે હોય છે એક 'રા' અને બીજો 'મ'. બંને મારા ! બસ આ જ મારી ગતિનું માધ્યમ છે.' અને ભરત સૌથી પહેલા પહોંચ્યા !

યાત્રાના નિયમ અનુસાર તો પહેલાં ઘોડાવાળા, પછી રથવાળા પછી પાલખીવાળા અને પગ ચાલનાર તો બધાંની પાછળ હોય. પણ થયું ઉલટું ! પગે ચાલનારો સૌથી પહેલાં પહોંચ્યો. કલિમાં 'રામનામ'નો આવો મહિમા છે. વિશ્વાસ કરજો.

એક વાત ચોક્કસ છે અને તે એ કે 'રામનામનો મહિમા' અનન્ય છે.

**–શ્રી મોરારીબાપુકથિત**
**–'મંગલરામાયણ'માંથી સાભાર**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ શ્રીરામ વિશેષાંક ॥

(ફેબ્રુઆરી, ૨૦૨૪)

'બાહેર ભીતર રામ હૈ, નૈનનકા અભિરામ
જિત દેખું તિત રામ હૈ, રામ બિના નહીં કામ.
સભી મંત્રકા બીજ હૈ રામ નામ તત સાર
જે કો જન હિરદે ગહે સો જન ઊતરે પાર.
રામનામ સબ કોઈ કહે, ઠગ ઠાકુર અરુ ચોર
ધ્રુવ પ્રહ્‌લાદ સબ તર ગયે એહિ નામ કછુ ઔર !'

—સંતકવિ કબીર



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. 'રામ' શબ્દનું માહાત્મ્ય | સંકલન | ૯ |
| ૩. 'રામનામ'નો મહિમા | શ્રી મોરારીબાપુ | ૧૦ |
| ૪. 'રામ રામ' જપવાનો શો અર્થ ? | 'અનામી' | ૧૧ |
| ૫. 'મરા મરા' રટવાથી 'રામ રામ' આપમેળે થઈ જાય છે | સંકલન | ૧૨ |
| ૬. ચતુર્મૂર્તિ અને ચતુર્બાહુ શ્રીરામ | શ્રી મોરારીબાપુ | ૧૪ |
| ૭. શ્રીરામે તપસ્વીઓને આપેલું વચન | સંકલન | ૧૬ |
| ૮. શ્રીરામ મર્યાદાપુરુષોત્તમ કેમ કહેવાયા ? | " | ૧૬ |
| ૯. શ્રીરામનો કૃષ્ણાવતાર | " | ૧૭ |
| ૧૦. ભક્તહૃદયમાં ભગવાનનો આવિર્ભાવ | " | ૧૯ |


● મહાત્મા શ્રીયોગેશ્વરજીરચિત 'રામાયણની રસકથા'ના સંકલિત ●

**॥ મુખ્ય કથાપ્રસંગો ॥**


૧. રામકથા વાંચો, રામમય રહો.
૨. શ્રીરામના પ્રાગટ્યની કથા
૩. રામનવમી : માનવજાતિની અક્ષય આશા
૪. દશરથના હૃદયઆંગણે રામ
૫. રામને વિશ્વામિત્ર પાસેથી અલૌકિક વિદ્યા પ્રાપ્ત થઈ
૬. અહલ્યાનો ઉદ્ધાર
૭. રામ-સીતાનું મંગલમય મધુર મિલન
૮. પરશુરામનો પ્રસંગ
૯. અયોધ્યામાં રામસીતાનું આગમન
૧૦. રામનું વનગમન
૧૧. રામ વિનાની અયોધ્યા
૧૨. દશરથ રાજાનો સ્વર્ગવાસ
૧૩. ભરતની ભાવના
૧૪. ગુહનો મેળાપ
૧૫. કેવટનો પ્રસંગ
૧૬. ઋષિમુનિઓ પ્રત્યે રામનો પ્રેમ
૧૭. પંચવટીનિવાસ
૧૮. સીતાહરણ
૧૯. જટાયુ
૨૦. શબરીનો સમાગમ
૨૧. સુગ્રીવનું સખ્ય
૨૨. વાલીનો નાશ
૨૩. સંપાતિનો સમાગમ
૨૪. હનુમાનની તૈયારી
૨૫. હનુમાનનો લંકાપ્રવેશ
૨૬. સીતામાતાનું દર્શન
૨૭. રાવણની સભામાં હનુમાન
૨૮. વિભીષણ
૨૯. સેતુરચના
૩૦. રાવણની હઠ
૩૧. રામ-રાવણ યુદ્ધ
૩૨. રાવણનો નાશ
૩૩. સીતાની અગ્નિપરીક્ષા
૩૪. રામનો રાજ્યાભિષેક
૩૫. સીતાત્યાગ
૩૬. સીતાનો પૃથ્વીપ્રવેશ

## નિવેદન : 'રામાયણ' કેવળ ગ્રંથ નથી, 'પરમાત્માનું વાઙ્મય સ્વરૂપ' છે

ભારતભૂમિના કણકણમાં 'કૃષ્ણ' અને ભારતીયોના રોમરોમમાં 'રામ' વસે છે, શ્વસે છે. યુગો વીતી ગયા, સદીઓ વીતી ગઈ છતાં 'રામકથા' નિત્યનૂતન જણાય છે. ન બોલનારા થાક્યા, ન સાંભળનારા. ન લખનારા થાક્યા, ન વાંચનારા. તેથી એ સિદ્ધ થઈ ગયું કે સૂરજ દરરોજ ઊગે છે પણ એ કદી કોઈને અરુચિકર નથી લાગતો તેમ 'સૂર્યવંશની ગાથા' પણ સદા રસમય રહી છે, રામની કથા સર્વદા રુચિકર રહી છે.

'રામાયણ'ની વાત કરીએ તો સંસ્કૃતમાં શ્રી વાલ્મીકિએ, અર્ધમાગધીમાં શ્રીતુલસીદાસે, તો ગુજરાતીમાં શ્રીયોગેશ્વરજીએ રામકથા અવતારી છે. રામચરિતમાનસ, રામાયણદર્શન, શ્રીરામકથામૃત, રામનું હૃદય તેમજ સમર્પણ જેવા 'રામવિષયક ગ્રંથો' થી 'પરમાત્માની વાઙ્મયી શ્રીમૂર્તિ' સર્જી મહાત્મા શ્રીયોગેશ્વરજીએ; અને એ મૂર્તિની 'પ્રાણપ્રતિષ્ઠા' કરી પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીની અનન્ય શ્રદ્ધાએ. શ્રીયોગેશ્વરજીના સદ્‌ગ્રંથોમાં સંચિત 'રામચેતના'ને પોતાના હૃદયમાં જીવંત રાખી, બહોળા જનસમાજ સુધી એ વહેતી રાખવા પૂ.શ્રી'મા'એ સતત પાઠ, ગાન પારાયણ, અનુષ્ઠાનોના અભિયાનોથી એને સદા રણઝણતી રાખી છે. પરિણામે 'સનાતન સાહિત્યની શાશ્વતી' અનુભવાય છે. અધ્યાત્મવિશ્વનું એ સદ્‌ભાગ્ય છે કે, ઉત્તમોત્તમ સર્જક અને ઉત્તમોત્તમ ભાવક–આ બે પરમ ચેતનાના સેતુબંધથી 'શ્રીરામના સ્વરૂપ'નો સહજ સાક્ષાત્કાર થાય છે.

શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં 'શ્રીરામમંદિર પ્રાણપ્રતિષ્ઠા'નાં અવસરને વધાવવા, 'રામકથા'ના સર્જક તેમજ એને પોતાના જીવનમાં અવતારી, સમગ્ર માનવજાતને પોતાના 'અંતઃકરણની અયોધ્યા'માં 'રામચેતના'ને પ્રાણપ્રતિષ્ઠ કરવા પ્રેરનારા પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી તેમજ પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની સાથે સમગ્ર 'અધ્યાત્મ પરિવાર' પણ ઉત્સુક હોય એ સ્વાભાવિક છે.

આવા શુભાતિશુભ અવસરને પોંખવા ગુરુ ભગવંત શ્રીયોગેશ્વરજી રચિત 'રામાયણની રસકથાના સંકલિત' 'મુખ્ય કથાપ્રસંગો'ની ઝલક માણવા 'અધ્યાત્મ'નો ફેબ્રુઆરીનો આ અંક સર્વ વાચકોને સ્નેહભર્યું નિમંત્રણ પાઠવે છે. 'ગુરુકૃપા હી કેવલ કારણમ્'.



## ।। શ્રીયોગેશ્વરકથામૃત ।।

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૨૨

### તા. ૧૮-૩-૮૩, શુક્રવાર, ફાગણ સુદ ચોથ સં. ૨૦૩૯

### ડરબન શહેર

સવારે એ જ નિત્યક્રમ રહ્યો.

આઠ વાગ્યે ઝામ્બિયા ફોનથી વાત કરી. કપૂરા માતાજીની ગંભીર માંદગીની વાતો આજકાલ થઈ રહી છે. પૂ.શ્રીએ પોતાનો અંગત અભિપ્રાય જણાવી દીધો છે. વળી, અમેરિકાથી પણ માતાજીની માંદગીના સમાચાર આજે ફોનથી મળ્યા.

સાડા બાર વાગ્યે ઘણાં ભાઈબહેનો પૂ.શ્રીને મળવા આવે છે.

પૂ.શ્રી અમેરિકાથી ફોન આવે છે તેથી હિંમત આપતી વાતો કરે છે. મુલાકાતમાં નારાયણ સ્વામીની અને 'પ્રકાશના પંથે'ની થોડી વાતો થાય છે.

બપોરે શ્રી રામકૃષ્ણદેવની ગઈ કાલની અધૂરી ફિલ્મ બે થી ત્રણ, એમ એક કલાક જોઈએ છીએ.

પછી થોડો આરામ કરીએ છીએ. સાંજે સમયસર પ્રવચન-સ્થળે પહોંચી જઈએ છીએ. પૂ.શ્રી આજકાલ 'સંતોનો સમાગમ' ઉપર પ્રવચનો આપી રહ્યા છે. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં.

બટાકાની કાતરી, કેરી ને દૂધ લઈ આરામ કર્યો.

હરિઃ ૐ

—શ્રી'મા' સર્વેશ્વરી

# ॥ 'રામ' શબ્દનું માહાત્મ્ય ॥

**'રમન્તે યોગિનઃ યસ્મિન્ ઈતિ રામઃ' અર્થાત્**
(જેનામાં યોગીઓ રમણ કરે છે એ 'રામ' છે.)

૧. 'પદ્મપુરાણ'માં કહ્યું છે : 'જે નિત્ય આનંદમય ચૈતન્યરૂપ પરમાત્મામાં યોગીઓ રમણ કરે છે તે 'રામ'. એવા નામથી બ્રહ્મ-પરબ્રહ્મનું કથન થાય છે.'
૨. 'રામરક્ષાસ્તોત્ર'માં ભગવાન શિવ (યોગીઓના ઈશ્વર) કહે છે : હું 'રામ' 'રામ' એમ 'રામ'ના નામમાં રમણ કરું છું. હજાર નામસમું એક 'રામ' નામ છે. એકવાર રામનામ લેવાથી સહસ્ર નામનું ફળ મળે છે.
૩. એ ઘટઘટમાં, પ્રાણીમાત્રના હૃદયમાં રમણ કરે છે અને આનંદમાં જીવન વ્યતીત કરવા પ્રેરણા આપે છે તેથી 'રામ' છે.
૪. ભક્તોને પોતાના ગુણોથી રમણ કરાવે છે, આનંદ આપે છે માટે રામ.
૫. ભગવાને સ્વેચ્છાએ 'રમણીય દેહ' ધારણ કર્યો અને દશરથના પુત્ર બન્યા હતા. એ રામ સહુના માટે 'ભગવાન' તરીકે જાણીતા છે.
૬. કાલિદાસ રઘુવંશમાં 'રામ નામના ભગવાન વિષ્ણુ' એવું કહે છે.
૭. 'રામાયણ'માં રામને 'રામો વિગ્રહવાન્ ધર્મઃ' કહીને, 'રામ ધર્મનું સાક્ષાત્ સ્વરૂપ છે' એમ કહેવાયું છે.

*

એક દંતકથા અનુસાર ૧૦૦ કરોડ શ્લોકોનું રામાયણ દેવ-દાનવ અને માનવને વહેંચી દેતાં દરેકને ૩૩ કરોડ, ૩૩ લાખ, ૩૩ હજાર ને ૩૩૩ શ્લોકો મળ્યા. બાદ એક શ્લોક વધતાં દરેકે એકએક ચરણ લીધું. બાદમાં એક ચરણના આઠ અક્ષરોમાંથી દરેકે બબ્બે અક્ષરો લીધા. અંતે બે અક્ષર વધતાં એના ત્રણ ભાગ કેમ કરવા ? એ વિવાદ નિવારવા દેવોના દેવ મહાદેવ શિવજીએ એ બે અક્ષર સ્વયંને માટે રાખી લીધા. જે અક્ષર હતા : 'રામ'.

**—સંકલન**



# ॥ રામનામનો મહિમા ॥

પરમાત્માનાં અનેક નામ છે, જેમાંથી તુલસીદાસજીએ રઘુવરનું 'રામ' નામ પસંદ કર્યું. એ નામનો ખૂબ મહિમા છે. કલિયુગમાં નામમહિમા મુખ્ય છે. જે સાક્ષાત્ ૐ કાર સ્વરૂપ છે. વેદનો જે પ્રાણ છે. સ્વયં પરમાત્મામાં જે શક્તિ નથી તે શક્તિ એના નામમાં નિહિત છે. ધર્મગ્રંથો પણ માને છે કે, પરમાત્મા જ્યારે લીલા સમાપન કરી દે છે ત્યારે પોતાની પૂરી શક્તિ નામમાં મૂકી જાય છે, નામમાં ઠાલવી દે છે. ગોસ્વામીજી ભારપૂર્વક કહે છે : 'જો નામ આપણી પાસે છે તો રૂપ અવશ્ય મળશે. પરંતુ જો નામ નથી ને કેવળ રૂપ છે તો વ્યક્તિએ એ મેળવવું અસંભવ છે. નામ-સરનામાથી વ્યક્તિનું રૂપ તરત પ્રાપ્ત થઈ શકે છે. નામની પાછળ રૂપ ચાલી આવે છે. પરંતુ રૂપથી નામ મેળવવું અસંભવ, નામીને મેળવવો અસંભવ.'

નામ-નામી અલગ નથી. 'મળી ગયા' એમ કહેવું પણ ઠીક નથી. 'નામમાં મળેલા (નામી) મળી ગયા !'

'નામ લિયા જિસને, પા લિયા ઉસને !'

ભગવાન રામજીએ એક અહલ્યાને તારી પણ એના નામથી ઘણાની કુમતિ સુધરી ગઈ ! રામજીએ શિવધનુષ્ય તોડ્યું, એમના નામે કેટલાય સાધકોના અહંકાર તોડ્યા. રામે સેતુબંધ કર્યો-સાગર પર ! પણ એના નામથી કેટલાય ભક્તોના સંસાર-સાગર પર સેતુબંધ થઈ ગયા ! રામે રાક્ષસકુળનો સંહાર, રાવણનો વિનાશ કર્યો. એના નામથી કેટલાય સંતો, ભક્તો પોતાના વિકારોનું શમન કરવા વિજયી બની ગયા. રામનો અયોધ્યામાં રાજ્યાભિષેક થતાં તેમણે રામરાજ્ય સ્થાપ્યું. રામનામના જે પ્રેમી છે તે પોતાના અંતર-મનમાં રામરાજ્ય સ્થાપિત કરવામાં ચોવીસે કલાક મગ્ન રહે છે.

આજે આપણી સામે રામ નથી, રામને આપણે જોયા પણ નથી પણ નામ જરૂર છે. અને નામને પોકારવાથી નામી અવશ્ય મેળવી શકાય છે.

કોઈ ગ્લાનિથી-પ્રસન્નતાથી, ભાવથી-કુભાવથી રામનામનો જપ કરે, એનું પરિણામ જરૂર આવે છે.

રામનામના મણિને જો આપણી જીભની દહેરી પર મૂકી દઈએ તો ભીતર તરફ અજવાસ જ અજવાસ થઈ જશે.

કલિયુગમાં બીજું કરવાનું પણ છે શું ? બસ હરિનામ જપો. સતયુગમાં ધ્યાન, ત્રેતામાં યજ્ઞ-યાગ, દ્વાપરમાં પૂજન-અર્ચન.

બસ નામ લઈએ, કોઈ પણ રીતે, કેટલી સરળતા તુલસીદાસજીએ બતાવી ! કોઈ રીતે નામ જપો. મન લાગે ન લાગે, આળસ, નિદ્રા, પ્રમાદ આવી જાય-કાંઈ પણ થઈ જાય; નામ જપ્યા કરો, બસ નામ જપ્યા કરો.

**–શ્રી મોરારીબાપુ કથિત**

**(સંકલન શ્રીનીતિન વડગામા)**

*

## ॥ 'રામ રામ' જપવાનો શો અર્થ ? ॥

એકવાર એક સંત પાસે એક વિદેશી વિદ્વાને પ્રશ્ન કર્યો : 'What is the meaning of Chanting Rama, Rama ? Is it going to librate me ?' ('રામ રામ' જપવાનો શો અર્થ ? શું એ મને મુક્તિ અપાવશે ?) સંતે કૃત્રિમ રોષથી કહ્યું; 'Oh you fool !' (અરે મૂર્ખ !) આ સાંભળતાં જ પેલા વિદ્વાનનો પિત્તો ઊછળ્યો, ઊભો થઈ ગયો અને આક્રોશથી બોલવા લાગ્યો : 'Is it the manner of an Indian sadhu ? I am asking a question and he is using bad words for me !' (આ શું ભારતીય સાધુની રીતભાત છે ? હું પ્રશ્ન કરું છું અને એ મને ગાળ આપે છે !)



આ વખતે એ સાધુએ અત્યંત સૌમ્ય રીતે હસીને કહ્યું; 'Well my child ! If a bad word like 'fool' has a capacity to compell you to get up from your seat, if I chant Rama Rama with love will it not attract my loving Lord Rama ?'

જો બેટા ! 'મૂર્ખ' એવી ગાળે તને તારી બેઠક ઉપરથી ઊભો કરી દેવાની શક્તિ આપી તો પછી હું પ્રેમથી 'રામ રામ' એમ બોલું તો શું એ મારા પ્રેમાળ પ્રભુ રામને આકર્ષી ના શકે ?

ગમે તે પ્રકારે પ્રભુને તમે પ્રેમે કરીને પોકારો, પ્રેમસ્વરૂપ પરમાત્મા પોકારનારના પ્રેમી બની પોતે પધારશે. આ છે નામજપનો મહિમા !

વેદમાં કહ્યું છે શબ્દમાં એક અનેરી શક્તિ છે. શબ્દ નિત્ય છે. ઉચ્ચારતાંની સાથે જ સમગ્ર વિશ્વમાં વ્યાપી જાય છે. ઈશ્વર પણ નિત્ય છે અને સમગ્ર વિશ્વમાં વ્યાપેલો છે. આ ગુણસામ્યને કારણે શબ્દ બ્રહ્મ કહેવાય છે.

**–'અનામી'**

*

## ॥ 'મરા મરા' રટવાથી 'રામ રામ' આપમેળે થઈ જાય છે ॥

દેવર્ષિ નારદે(રત્નાકર) વાલિયા લૂંટારાને (વાલ્મીકિના પૂર્વજીવનનું નામ) કહ્યું; 'તમે વ્યર્થમાં જીવહિંસા શા માટે કરો છો ? ત્યારે તેણે કહ્યું; 'ભગવન્ મારું પરિવાર મોટું છે એની આજીવિકાનો બીજો કોઈ પ્રબંધ નથી. જો હું લૂંટફાટ ન કરું તો એ ખાય શું ?' નારદજીએ કહ્યું; 'તમે જઈને પરિવારજનોને પૂછી આવો કે એ ખાવાના જ સાથી છે કે તમારા પાપમાં ભાગીદાર બનશે ?' તેના મનમાં દ્વિધા થઈ કે; આ મહાત્મા બહાનું બનાવી ભાગી જવા ચાહે છે. ત્યારે સર્વજ્ઞ ઋષિએ કહ્યું, 'તમે પાછા નહિ ફરો ત્યાં સુધી અમે

ક્યાંય નહિ જઈએ. આટલાથી તમને સંતોષ ન હોય તો તમે ઝાડ સાથે અમને બાંધી દો.' એ દેવર્ષિને ઝાડ સાથે બાંધી ઘેર ગયો.'

ઘરે જઈને વારાફરતી કુટુંબના બધા સભ્યોને પૂછ્યું કે; 'તમે મારા પાપના ભાગીદાર છો કે નહિ ?' બધાંએ એકી અવાજે કહ્યું; 'અમને ખવડાવવા-પીવડાવવાનું તમારું કર્તવ્ય છે. તમે કઈ રીતે ધન લાવો છો એ અમે શું જાણીએ ? અમે તારા પાપના ભાગીદાર નથી.' આ સાંભળી વાલ્મીકિનું જ્ઞાનનેત્ર ખૂલી ગયું. જલ્દીથી જંગલમાં જઈ દેવર્ષિનું બંધન ખોલ્યું અને રડતાં-રડતાં એમના ચરણમાં ઝૂકી ગયા. એના રુદનમાં ઊંડો પશ્ચાત્તાપ હતો. નારદજીએ એમને ધીરજ બંધાવી. અને કહ્યું, 'અત્યારસુધી જે થયું તે થયું પણ જો તમે હૃદયથી પશ્ચાત્તાપ કરો છો તો મારી પાસે રામનામરૂપી એક એવો મંત્ર છે જે નિરંતર જપવાથી તમે બધાં પાપોથી છૂટી જશો.'

તેણે અતિ દીનતાથી કહ્યું; 'ભગવન્, પાપોને કારણે આ નામ મારા હોઠોથી નીકળતું નથી. તેથી મને કોઈ એવું નામ બતાવો, જે હું સરળતાથી લઈ શકું.' ત્યારે નારદજીએ બહુ સમજી-વિચારીને 'રામનામને ઉલટું કરીને' 'મરા-મરા'નો ઉપદેશ આપ્યો; કેમકે નિરંતર 'મરા-મરા' કહેવાથી 'રામ રામ' પોતાની મેળે થઈ જાય છે.

દેવર્ષિના ઉપદેશ અનુસાર એ નિરંતર એકાગ્ર ચિત્તથી 'મરા-મરા' જપવા લાગ્યા. હજારો વર્ષો એક જ જગ્યાએ બેસીને એ નામરટનમાં નિમગ્ન થઈ ગયા. વર્ષો રાફડામાં રહેવાથી વાલ્મીકિ કહેવાયા પછી એમણે જ 'શ્રીવાલ્મીકિય રામાયણ' આદિકાવ્યની રચના કરી. તેથી જ તુલસીદાસજીએ કહ્યું :

'ઉલટા નામ જપત જગ જાના
વાલ્મીકિ ભયે બ્રહ્મસમાના'

**—સંકલન**



# ॥ ચતુર્મૂર્તિ અને ચતુર્બાહુ શ્રીરામ ॥

વિષ્ણુ 'ચતુર્મૂર્તિ' છે અને એ દેવહિત માટે મનુજરૂપમાં આવ્યા છે એવું 'રામચરિતમાનસ' સ્પષ્ટ કહે છે. ભાષ્યકારો કહે છે : 'એક તો મૂળ રામ, બીજા લક્ષ્મણ, ત્રીજા ભરત ને ચોથા શત્રુઘ્ન.'

હવે રામ સ્વયંમૂર્તિ છે. સુમેરુના શિખર પર લંકામાં એક સાયંકાળે ભગવાન વિશ્રામમાં સૂતા છે. અંગદ-હનુમાન પગ દબાવી રહ્યા છે. એટલામાં ચંદ્રોદય થાય છે. ભગવાન ત્યાં ઉપસ્થિત બધાને પૂછે છે કે, ચંદ્રમાં જે કાળો દાગ છે એ શું છે ? કોઈએ કહ્યું એ ચંદ્રનું છિદ્ર છે, જેમાંથી આકાશ દેખાય છે એટલા માટે ચંદ્રમાં કાળો દાગ છે. બીજાએ કહ્યું; ચંદ્રે ગુરુપત્નીનો અપરાધ કર્યો છે, બૃહસ્પતિની પત્નીને એકવાર ખરાબ દૃષ્ટિથી જોઈ એટલે એનું કલંક લાગી ગયું, જેનો કાળો દાગ તેના દિલમાં છે. ત્રીજાએ કહ્યું; ચંદ્રમાં પૃથ્વીની છાયા દેખાય છે. હનુમાનને ચૂપ જોઈ રામે તેને પૂછ્યું; તું પણ કહે. ત્યારે હનુમાન બોલ્યા; 'ચંદ્ર આપનો ભક્ત છે. ભક્તના હૃદયમાં આપ નિવાસ કરો છો, આપ એના હૃદયમાં બેઠા છો. અને આપનો રંગ ગોરો નથી, કાળો છે. એટલા માટે મને ચંદ્રમાં આપની કાળી મૂર્તિ દેખાય છે. તો આ એક મૂર્તિ 'રામમૂર્તિ' (તવ મૂર્તિ બિધિ ઉરવાસી) વિષ્ણુના રામરૂપની બીજીમૂર્તિ 'જન મુનિ બેસ કિન્હ રતિ કામા' ચિત્રકૂટની વેદિકા પર બેઠેલા ભગવાન રામને ભરતજીએ દૂરથી કામરૂપમાં જોયા એ તેમની કામમૂર્તિ. રામનો વર્ણ કામ જેવો શ્યામ છે.

આદિ કવિ વાલ્મીકિનું રામાયણ કામમાંથી ઉદ્ભવ્યું છે. એની પૂર્વકથા પ્રચલિત છે. નદીના તટ પર ક્રૌંચપક્ષી વિહાર

કરતાં એકબીજામાં ડૂબેલાં હતાં ને એક પારધીએ એ જોડીને તોડી પાડી, ત્યારે વાલ્મીકિના હૃદયમાંથી 'આહ' નીકળી અને 'શોક શ્લોકત્વને પામ્યો.' આમ 'વાલ્મીકિરામાયણ'ના જન્મના મૂળમાં કામતત્ત્વ પડ્યું છે.

તુલસી માટે કહેવાય છે કે તે પૂર્વસમયમાં પત્ની રત્નાવલિથી બહુ જ આકર્ષિત હતા. આ પત્ની સાસરે જતાં તુલસી એનો વિરહ સહન નથી કરી શકતા, જમુનાના પૂરમાં ઝંપલાવે છે. એક શબ વહેતું હતું તેને નૌકા સમજીને બેસી ગયા. સાસરે દરવાજા બંધ જોઈ, પાછળની બાજુથી ચડ્યા ત્યાં એક સાપ લટકતો હતો તેને દોરડું સમજી દીવાલ પર ચડ્યા. પોતાની પત્નીને મળવા ગયા એ વખતે પત્નીએ ઠપકો આપતાં કહ્યું; 'આ હાડ-ચામના દેહની આપને આટલી બધી કામના છે ? એનાથી થોડી કામના રામમાં હોત તો તમે ધન્ય થઈ જાત.' પત્નીના એક વચનથી તુલસી પાછા ફર્યા.

આમ, રામ ભક્તના હૃદયમાં રહેલી 'મૂર્તિ' છે. ચિત્રકૂટમાં 'કામમૂર્તિ' દેખાય છે. ને ત્રીજી મૂર્તિ છે : 'મંગલમૂર્તિ ચોથી છે, કૃપામૂર્તિ. તુલસીની રચનામાં પરમાત્માની મૂર્તિ કૃપામૂર્તિ છે, ભગવાનનો વિગ્રહ છે. તો 'રામચરિતમાનસ'માં રામની આ ચાર મૂર્તિ છે. એ 'ચતુર્મૂર્તિ રામ'.

વિષ્ણુ રામ બનીને આવ્યા છે તો રામ 'ચતુર્બાહુ' છે. એમનો પહેલો બાહુ જાનકી, બીજા ત્રણ બાહુ લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન.

**—શ્રી મોરારીબાપુ કથિત**

**'રામકથા'માંથી સાભાર**

**(સંકલન શ્રીનીતિન વડગામા)**



## ॥ શ્રીરામે તપસ્વીઓને આપેલું વચન ॥

ત્રેતાયુગમાં રામચંદ્રજી જ્યારે દંડકારણ્યમાં ગયા ત્યારે ત્યાં નિવાસ કરતા ઋષિ-મુનિઓ ભગવાનના રૂપથી અત્યંત મોહિત થઈ ગયા. પશુપક્ષીઓ, જીવજંતુઓ, વૃક્ષલતાઓ તેમનું સાન્નિધ્ય માણવા ઝંખી રહ્યાં. આશ્ચર્ય તો એ હતું કે જેમણે સર્વ ભોગોનો ત્યાગ કર્યો હતો તેવા મહાન તપસ્વીઓ-યતિઓ પણ નિઃસંકોચ પ્રભુના અંગસ્પર્શની ઝંખના વ્યક્ત કરવા લાગ્યા. ત્યારે ભગવાને કહ્યું કે; 'આ રામાવતારમાં તો હું તમારી ઝંખના પૂરી કરી શકું તેમ નથી પરંતુ દ્વાપરયુગમાં જ્યારે કૃષ્ણરૂપે અવતાર ગ્રહણ કરીશ ત્યારે તમે સર્વ ગોપાંગનાઓનું રૂપ ધારણ કરીને તમારી ઝંખના પૂરી કરી શકશો.'

આમ રામાવતારમાં ઋષિઓને આપેલા એ વચનને પૂર્ણ કરવા માટે 'મર્યાદાપુરુષોત્તમ' શ્રીરામે 'પૂર્ણપુરુષોત્તમ' ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણરૂપે લીલાવિગ્રહ ધારણ કર્યો.

**—સંકલન**

*

## ॥ શ્રીરામ મર્યાદાપુરુષોત્તમ કેમ કહેવાયા ? ॥

'ચાણક્યનીતિ'માં ચાણક્યે એક સુંદર શ્લોક લખ્યો છે; જેમાં જણાવવામાં આવ્યું છે : 'ધર્મમાં તત્પરતા, મુખે મધુરતા, દાનમાં સમુત્સાહતા મિત્ર સાથે નિષ્કપટતા, ગુરુજનો પ્રત્યેની નમ્રતા, ચિત્તમાં અતિ ગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણોમાં રસિકતા, શાસ્ત્રોમાં સારી પ્રવીણતા, રૂપમાં સુંદરતા અને શિવભક્તિમાં સર્વ ગુણો તો હે રાઘવ ! આપનામાં જ છે. મર્યાદાપુરુષોત્તમ રામને શી ઉપમા આપું ?'

*

'કલ્પતરુ કાષ્ઠ છે, મેરુપર્વત અચળ, જડ છે. ચિંતામણિ તો પથ્થર છે, સૂર્યકિરણ અત્યંત ઉષ્ણ છે ચંદ્રનાં કિરણો તો ક્ષીણ થઈ જાય છે, સમુદ્ર તો ખારો છે. કામદેવને શરીર નથી, બલિરાજા દૈત્ય જાતિના હતાં અને કામધેનુ તો પશુજાતિ છે. તેથી આ સર્વની તુલના હું આપની સાથે નથી કરી શકતો. હે રઘુપતિ ! હું આપને કોની ઉપમા આપું ?'

*

ભગવાન શ્રીરામે મોટું જટામંડળ ધારણ કર્યું છે. એવા શ્રીરામચંદ્રજીનું ધ્યાન ધરવું. અલંકારો જો ભોગના પ્રતીક છે તો જટા એ ત્યાગનું પ્રતીક છે. ભોગ અને ત્યાગને જેમણે એક સમયાવચ્છેદે જીવનશૈલીમાં અપનાવ્યા હતા. તે જ મહાપુરુષ ત્યાગ-ભોગના સમન્વયનો જ આદર્શ છે. ભોગ મનુષ્યને વિલાસની ગર્તામાં ડૂબાડે છે. ત્યારે ત્યાગ માનવને નીરસતાની મરુભૂમિ તરફ દોરી જાય છે. સંયમ જ માનવજીવનને સુગંધી અને ઉજ્જવળ બનાવે છે. ભારતીય સંસ્કૃતિ એ સંયમની સંસ્કૃતિ છે. આવા સંયમી અને 'મર્યાદાપુરુષોત્તમ' શ્રીરામનું ધ્યાન ધરીએ.

**—સંકલન**

*

## ॥ શ્રીરામનો શ્રીકૃષ્ણાવતાર ॥

તૈતરીય ઉપનિષદ કહે છે : પરમાત્માએ એકમાંથી અનેક બનવાનો સંકલ્પ કર્યો પછી 'નામરૂપાત્મક જગત'નું સર્જન કર્યું. પછી એમાં પ્રવેશ કર્યો.

૧. બ્રહ્માજીએ જ્યારે વાછરડાં-ગોપબાળોનું હરણ કર્યું ત્યારે 'એક જ શ્રીકૃષ્ણ અનેક' બની ગયા. તે સ્વયં વાછરડાં,



તેમના ગળાની દોરડીઓ, ઘંટડીઓ, ગોપબાળો, તેમનાં વસ્ત્ર-આભૂષણ, છડી વગેરે સર્વ બની ગયાં.

જડ-ચેતન, સર્વ કાંઈ કૃષ્ણ જ બની ગયા ! તે રૂપે વ્યવહાર પણ કરવા લાગ્યા. સર્જક પણ એ, સર્જન પણ એ !

૨. 'બાળસહજ લીલાઓ'માં પણ શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય પ્રગટ થયા વિના રહેતું નથી. માતા યશોદાએ જ્યારે લાલાએ માટી ખાધી છે કે નહિ તે દેખાડવા મોં ખોલવાનું કહ્યું ત્યારે એના 'નાનકડા મુખમાં સમગ્ર બ્રહ્માંડનાં દર્શન તેમને થયાં.'

૩. જ્યારે વૃંદાવન પર ઈન્દ્રનો કોપ ઊતર્યો ત્યારે શ્રીકૃષ્ણે બહુ સહજ રીતે ગોવર્ધન પર્વત ઉખાડીને પોતાની હાથની ટચલી આંગળી પર ધારણ કર્યો અને સર્વ પ્રજાજનો. પશુઓ, સંપત્તિનું ૧૦ દિવસ રક્ષણ કર્યું. પોતે 'ગોવિંદ' છે. તે જગતનું પાલન-રક્ષણ કરે છે એ સિદ્ધ કર્યું.

ગોવર્ધન જગતનું પ્રતીક છે. ઈશ્વર અનાયાસે જ એને ધારણ કરે છે. એ લીલાથી સ્પષ્ટ થાય છે.

જ્યારે ગોપબાળોએ કૃષ્ણને ટેકો આપવા પોતાની છડી ધરી ત્યારે કૃષ્ણ એમને ના નથી કહેતા, ભલેને બાળસખા ખુશ થતા.

માનવી માને છે કે પોતાના જીવનનો ભાર વહન કરી રહ્યો છે અને તેથી ચિંતાઓનો બોજો વહે છે. વાસ્તવમાં તો ઈશ્વર જ સર્વના યોગક્ષેમનું વહન કરે છે.

વળી, ઈન્દ્રનો ગર્વ ઉતારવા જ પરાપૂર્વથી ચાલી આવતી 'ઈન્દ્રની' પૂજાને બદલે 'ગિરિરાજ ગોવર્ધન'ની પૂજા કરાવી.

૪. ગોપીઓને જળક્રીડામાં 'આસક્ત' જોઈને જ શ્રીકૃષ્ણે તેમનાં 'ચીરનું હરણ' કર્યું.
૫. ગોપીઓ રાસલીલામાં પણ પ્રભુના પ્રેમને ન સમજી 'મદાંધ' થઈ ગઈ ત્યારે અંતર્ધાન થઈ, તેમના 'માનનું હરણ' કર્યું.

—સંકલન

*

## ॥ ભક્તહૃદયમાં ભગવાનનો આવિર્ભાવ ॥

અહંકાર પર પ્રહાર કરવામાં પણ ઈશ્વરનો અનુગ્રહ જ રહેલો છે. અહંકાર-આસુરી વૃત્તિઓ, આસક્તિ, 'ભક્તિના માર્ગનાં વિઘ્નો' છે, આંતરિક શત્રુઓ છે, તેથી ભગવાન તેનો નાશ કરે છે.


જ્યારે ભગવાન જુએ છે કે મારા ભક્તનું ચિત્ત મારામાં જ લાગેલું છે. તેનાં (આચરણ)-મન-પ્રાણ-વચન-કર્મ મને જ સમર્પિત થયેલાં છે ત્યારે ભક્ત પ્રત્યે તેનામાં અનુકંપા જાગે છે અને તે અંતર્યામી જ્ઞાનનો દીપ પ્રકટાવી, ભક્તના અંતરનો અંધકાર દૂર કરે છે.

આ અશરણશરણ, ભક્તવત્સલ, અભયપ્રદ, દુઃખભંજક પ્રભુ વૃંદાવનમાં જ નહિ, આપણા હૃદયમાં પણ પ્રકટ થઈ શકે છે.

જ્યારે ભક્તની ગોપીરૂપ વૃત્તિઓ સતત આત્મચૈતન્યને જ કેન્દ્રમાં રાખી નૃત્ય કરવા લાગે છે. તેનો અહંકાર પ્રભુની વાંસળી બનીને દિવ્ય સંગીત પ્રસારિત કરવા લાગે છે ત્યારે તેના ત્રણે લોકમાં જાગ્રત-સ્વપ્ન, સુષુપ્તિમાં આનંદનો-પરમાત્માનો આવિર્ભાવ થાય છે.

—સંકલન





# શ્રી રામ કથામૃત

વાલ્મીકિ રામાયણ તથા તુલસીકૃત રામાયણનો તુલનાત્મક રસાસ્વાદ

## રામાયણની રસકથા

યોગેશ્વર

: પ્રકાશક :

ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.

સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા

ઑક્ટોબર ૧૯૭૬

મહાત્મા શ્રીયોગેશ્વરજીરચિત

'રામાયણની રસકથા'ના

સંકલિત

॥ મુખ્ય કથાપ્રસંગો ॥

“ મહાત્મા શ્રીયોગેશ્વરજીરચિત 'રામાયણની રસકથા'માં શ્રીરામનો સઘળો જીવનવૃત્તાંત એટલી રસમય અભિવ્યક્તિ પામ્યો છે, પ્રત્યેક પાત્ર, પ્રત્યેક પ્રસંગના નિરૂપણમાં પ્રયોજાયેલ સરળ, શિષ્ટ, સંયત, મધુર પ્રાસાદિક ગદ્યશૈલીમાંથી ઊપસતી 'શ્રીરામની અખંડ ગૌરવમય છબી' એટલી બધી પ્રભાવક સિદ્ધ થઈ છે કે, આ સંકલિત 'મુખ્ય કથાપ્રસંગોમાંથી' જે પસાર થશે એને 'રામરસમાં ઝબકોળાયાની' તેમજ 'કથારસમાં અવગાહન' કર્યાની પ્રતીતિ અવશ્ય થશે. ”

# પૂર્વભૂમિકા
## ॥ રામકથા વાંચો, રામમય રહો ॥

ભારતના આધ્યાત્મિક આકાશના પૌરાણિક કાળના સૌથી વધારે પ્રેરક તથા પરમ પ્રકાશક નક્ષત્રો બે છે : રામ અને કૃષ્ણ. એ બંનેને ચંદ્રની અને સૂર્યની ઉપમા આપી શકાય. લોકહૃદયમાં અતીતથી માંડીને અર્વાચીનકાળ સુધી બંનેનાં મહત્ત્વનાં, અત્યંત મહત્ત્વનાં સ્થાન ચાલ્યાં આવે છે. બંનેએ પ્રજાજીવનને પાર વિનાની અનોખી પ્રેરણા પાઈ છે. એમણે રાષ્ટ્રજીવનનાં ઘડતરમાં પણ શકવર્તી ભાગ ભજવ્યો છે. સંતોએ, ભક્તોએ, કવિઓએ એમના ગુણગાન ગાયા છે. અને એમની આગવી રીતે એમને અક્ષરદેહની અનુરાગાત્મક અંજલિ આપી છે તે યોગ્ય જ છે.

રામ અને કૃષ્ણ એક જ બીજનાં બે અંકુર જેવા, એક જ સિક્કાનાં બે પાસાં જેવાં, એક જ શરીરનાં બે હૃદય જેવાં છે. અંતરને આનંદ આપે, આરામ આપે તે રામ. ને કાળજાનાં ક્લેશ કાપે, કાયામંદિરમાં વિરાજીને કામણ કરે, કલ્યાણનો વરસાદ વરસાવે તે કૃષ્ણ તત્ત્વ એક જ. પરંતુ નામ તેમજ રૂપ બે અલગ. માનવજીવનને જ્યોતિર્મય બનાવવા બન્ને આશીર્વાદરૂપ.

સંસારમાં સૌથી પ્રથમ રામાયણની રચના કરીને મહર્ષિ વાલ્મીકિએ પોતાની બૌદ્ધિક પ્રતિભાને, વાણીને, શક્તિને ને કલમને કૃતાર્થ કરી. ઈશ્વરના સાકાર સ્વરૂપ સરખા સત્પુરુષોના ગુણસંકીર્તન માટે વપરાય ત્યારે જ વાણી અને જિંદગી ધન્ય બને છે. મહર્ષિએ રામાયણની રચના દ્વારા સંસારનું પરમકલ્યાણ કર્યું છે.

'રામાયણ' શબ્દ જ કેટલો બધો સરસ સારગર્ભિત ને સુંદર છે ! એનો અર્થ રામનું 'અયન' અથવા 'આગમન' થાય છે. રામ



પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ બનીને માનવતાથી મંડિત થઈને આ અવનીમાં આવિર્ભાવ પામ્યા. પછી જે જે કરી ગયા એની કથાનું એમાં આલેખન પામ્યા. વળી એ માનવના આર્ત અશાંત અંતરને શાંત કરવાનો મંગલ મહામંત્ર પૂરો પાડે છે.

રામાયણનો એ મૂળભૂત સંદેશ છે કે જો જીવનમાં રામ નથી પરંતુ કામ છે તો દુઃખ જ છે, અશાંતિ છે, ક્લેશ છે, પરિતાપ છે. જીવનને સુખમય કરવા અને શાંત બનાવવા એમાં શ્રીરામની, પરમકૃપાળુ પરમાત્માની,નીતિમત્તાની, માનવતાની, પવિત્રતાની ને પ્રેમની પ્રતિષ્ઠા કરવી જોઈએ.

રામાયણના મુખ્ય અધિષ્ઠાતા, આરાધ્યદેવ રામ છે. રામાયણની આખીયે કથા એમને લક્ષ્ય કરીને કે કેન્દ્રમાં રાખીને એમની આસપાસ રમ્યા કરે છે. રામનું સમસ્ત જીવન નિઃસ્વાર્થ સ્નેહ અને સેવાનું જીવન છે. એક સમર્પિત સાચું જીવન છે. એમાં નાની મોટી જે પણ ક્રિયાઓ થાય છે તે બીજાને માટે, બીજાની સુખાકારી તથા શાંતિ માટે કેવળ કર્તવ્યભાવથી પ્રેરાઈને કરવામાં આવે છે. એમ કરતાં જો કષ્ટ આવે તો તે પણ રામ સ્મિતપૂર્વક ભોગવવા તૈયાર રહે છે. એમને સત્ય અને કર્તવ્યપાલન સિવાય બીજા કશાનો મોહ નથી.

રામની વિશેષતા એ છે કે જગતમાં આદર્શ રીતે જીવી જવા અને પવિત્ર પ્રેમથી પ્રેરાઈને બીજાને માટે કશુંક મહત્ત્વનું કરી છૂટવા તૈયાર છે. આ રામની એવી વિશેષતા છે કે જે મળવી અતિદુર્લભ છે.

આપણે યાદ રાખવાનું છે કે રામાયણની રચના કેવળ કવિઓએ નથી કરી પરંતુ ભક્તો અને સંતોએ કરી છે એટલે એમના રામાયણની રચના પાછળ પ્રેરકબળ તરીકે રામનો પરમપવિત્ર, પ્રખર, પ્રેમ પારાવાર જ કામ કરી રહ્યો છે. એટલે

ડગલે ને પગલે રામચરિત માનસમાં અને વાલ્મીકિ રામાયણમાં શ્રીરામ પ્રત્યેનાં પ્રેમના દર્શન થાય છે.

રામાયણ જેવું સાત્ત્વિક સાહિત્ય ભલે આત્માનંદ માટે રચાતું હોય પણ એ બીજાને પ્રકાશ પહોંચાડે છે. પરિણામે એનું સર્જન કરનાર તેમજ એનો લાભ લેનાર બંને એની અસરથી અલિપ્ત રહી શકતા નથી.

તુલસીકૃત રામાયણના સંદર્ભમાં એક સરસ દંતકથા છે. કહે છે કે, રામાયણની રચના કર્યા પછી તુલસીદાસજી કાશીમાં આવ્યા અને રાત્રે એમણે રામાયણના પુસ્તકને વિશ્વનાથના મંદિરમાં રાખ્યું. સવારે મંદિર ખોલવામાં આવ્યું તો પુસ્તક પર 'સત્યમ શિવમ્ સુંદરમ્' લખેલું અને તેની નીચે ભગવાન શંકરની સહી હતી. એ વખતે જે લોકો ઉપસ્થિત હતા તેમને 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'નો અવાજ સાંભળેલો. એ જાણીને કાશીના સંસ્કૃતપ્રેમી પંડિતો ઈર્ષાથી પ્રેરાઈને તુલસીદાસની નિંદા કરવા લાગ્યા, એ પુસ્તકને ચોરી જવાની તરકીબ કરી પરંતુ એમાં સફળતા ના મળી. જો કે એ વખતના પ્રકાંડ પંડિત મધુસૂદન સરસ્વતીએ એ પુસ્તકના પરિશીલનથી અત્યંત આનંદ અનુભવ્યો ને પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું કે, "કાશીરૂપી આ આનંદવનમાં તુલસીદાસ જંગમ છોડ જેવા છે. એની કવિતામંજરી રામરૂપી ભ્રમરથી ભૂષિત બનીને શોભી રહી છે."

કેટલાક ઈર્ષાળુ પંડિતોને આ પ્રશસ્તિથી પ્રસન્નતા ના થઈ એટલે એમણે એક બીજો ઉપાય શોધ્યો અને ભગવાન વિશ્વનાથના મંદિરમાં 'રામચરિતમાનસ'ને સૌથી નીચે રાખીને એની ઉપર પુરાણ, બીજા શાસ્ત્રો તથા વેદગ્રંથોને મૂક્યા. સવારે મંદિરને ઉઘાડીને જોયું તો સૌનાં વિસ્મય વચ્ચે સર્વગ્રંથોની નીચે



મુકેલો 'રામાયણ' ગ્રંથ સૌની ઉપર આવી ગયેલો. આ પ્રસંગથી પંડિતોનું હૃદયપરિવર્તન થયું. તુલસીદાસજી પ્રત્યેનો તેમનો દ્વેષભાવ પવિત્ર પ્રેમમાં પલટાઈ ગયો.

આ દંતકથા સાચી હોય કે ના હોય તો પણ એક વાત તો શંકારહિત જ છે કે તુલસીદાસજીએ રામાયણની લોકભાષામાં રચના કરીને મહાન કલ્પનાતીત કલ્યાણકાર્ય કર્યું છે. એ જમાનામાં વાલ્મીકિ રામાયણ તો સુપ્રસિદ્ધ તો હતું જ પરંતુ સંસ્કૃત ભાષાનું પ્રચલન પૂરતા પ્રમાણમાં નહતું. રામકથાનો શાશ્વત શ્રેયસ્કર સંદેશ ઘેર ઘેર જનતાના હૃદયસુધી પહોંચાડવો હોય તો એને જનસાધારણની ભાષામાં રજૂ કરવાની અનિવાર્ય આવશ્યકતા હતી. એ આવશકતાની પૂર્તિ તુલસીદાસ જેવા સંનિષ્ઠ રામપ્રેમી ભક્તકવિ બીજુ કોણ હોઈ શકે ? આજસુધી એમની રામકથાએ કરોડોનું કલ્યાણ કર્યું છે. એટલે સંસ્કૃતની સ્વર્ગલોકની રામાયણની રસગંગાને તુલસીદાસે લોકભોગ્ય ભાષામાં વહેતી કરીને સર્વસુલભ કરી દીધી. જ્યાં સુધી રામકથાની રુચિ અને રામ તથા સીતાનાં નામ રહેશે ત્યાં સુધી ભારતીય સંસ્કૃતિ એમની ઋણી રહેશે એ કલ્યાણકાર્યને કાજે એમના જેટલાં પણ ગુણગાન ગાઈએ તેટલા ઓછા છે.

રામાયણ કેવળ સંસારસાગરને પાર કરવા માટે મદદરૂપ છે એવું નથી સમજવાનું પણ આત્મિક ઉન્નતિનાં શિખરોને સર કરીને પરમાત્માના પ્યારા થવા માગતા દરેક માટે તે આશીર્વાદરૂપ છે. જીવનને નીતિ અને સદાચારથી ભરી માનવતાના મૂલ્યોથી મંડિત કરવાના તેમજ સૌની અંદર તેમજ બહાર રહેલા રામની પ્રેમભક્તિથી રંગાઈને એમના ચરણોમાં સમર્પિત થવાની પ્રેરણા પાય છે. ઘર, કુટુંબ, રાષ્ટ્ર તથા વિશ્વજીવનને સુમધુર અને સંવાદી કરવાની દીક્ષા આપે છે. એ

જ એની વિશેષતા છે. રામાયણનો આધાર લઈને, એની કથાઓ કરીને કે સાંભળીને રોજીંદા જીવનને કામમાંથી મુક્ત કરીને રામમય ના બનાવી શકાય તો શું કામનું ? એટલે રામાયણ, રામચરિતમાનસ રામમય થવા કે રામના બનવા માટે જ છે.

**—મહાત્મા શ્રીયોગેશ્વરજી રચિત**

**'રામાયણની રસકથા'માંથી સંકલિત અંશ**

*

## ॥ શ્રીરામના પ્રાગટ્યની કથા ॥

એકવાર મહારાજ દશરથે વસિષ્ઠજીને પૂછ્યું; શું અમારા નસીબમાં પુત્ર નથી ? ત્યારે વસિષ્ઠજીએ હસીને કહ્યું; આપની આ જિજ્ઞાસાની જ મને પ્રતીક્ષા હતી. આજે આપે જિજ્ઞાસા કરી છે તો બ્રહ્મ આપના આંગણામાં રમતા થઈ જશે. તમે એક નહિ, ચાર પુત્રોના પિતા થશો. પરંતુ સંતાનપ્રાપ્તિ માટે મહર્ષિ શૃંગી પાસે 'પુત્રકામેષ્ટિ' યજ્ઞ કરવો પડશે એમ કહી; એ યજ્ઞ રાજા પાસે સંપન્ન કરાવે છે. ત્યારે સ્વયં અગ્નિ હાથમાં પ્રસાદનો ચરુ લઈ વસિષ્ઠજીને આપે છે. વસિષ્ઠજી એ રાજાને આપી, સર્વ રાણીઓમાં વહેંચી દેવા કહે છે. પ્રસાદની અરધી ખીર કૌશલ્યાને અને બાકીની પ્રસાદી કૈકેયી અને સુમિત્રાને અર્પે છે. આ પ્રસાદથી તે ત્રણે રાણીઓ સગર્ભાવસ્થાનું સદ્‌ભાગ્ય પામી.

ત્રેતાયુગ, ચૈત્ર માસ, શુકલ પક્ષ, નવા સંવત્સરની નવરાત્રિ શક્તિપૂજાના દિવસો પૂરા થયા અને 'શક્તિમાન'ના પ્રાગટ્યની ક્ષણ આવી.

ચૈત્ર શુક્લ નવમી, મંગળવાર, મધ્યાહ્નનો સૂર્ય સોહી રહ્યો છે. અને કૌશલ્યા 'મા'ના ભવનમાં પ્રકાશ થવા લાગ્યો. એ પ્રકાશમાં ચતુર્ભુજ વિગ્રહમાં પરમાત્મતત્ત્વ પ્રગટ થયું. 'મા' તો



કરબદ્ધ ઊભાં રહી; કહેવા લાગ્યાં; 'હું ક્યા શબ્દોમાં આપની સ્તુતિ કરું ? આપ આવ્યા, આપનું સ્વાગત ! પરંતુ આપ વચનભંગ કરી રહ્યા છો. આપે મનુષ્યરૂપે અવતરવા કહ્યું હતું પરંતુ આપ નારાયણ બનીને આવ્યા છો. ભગવાને પૂછ્યું, 'મનુષ્ય કેવી રીતે થઈ શકાય ?' ત્યારે 'મા'એ કહ્યું; 'આપ બે ભુજા કરી દો અને બાળનું નાનું સ્વરૂપ ધારણ કરી લો.' ભગવાને નાનાં થઈ કહ્યું; 'હવે બાળક થઈ ગયો ?' 'મા' કહે બાળક બોલે નહિ, રડે. આપ રડો. તો ભગવાને કહ્યું; 'મારા પર કઈ મુસીબત આવી છે કે હું રડું ?' ત્યારે માતા બોલ્યાં; 'મુસીબત તમારા પર નહિ. તમારી બનાવેલી દુનિયા પર બહુ આવી છે. માનવજાતની પીડાનો અનુભવ કરવા તમે પણ જરા રડો તો ખબર પડે ! અને ભગવાન બાળકના રૂપમાં કૌશલ્યાના અંકમાં રડવા લાગ્યા. આમ, રામનું બાળરૂપમાં પ્રાગટ્ય થયું. ચોતરફ મહારાજા ! વધાઈ હો, વધાઈ હો ગાન સંભળાઈ રહ્યું.'

*

## ॥ રામનવમી : માનવજાતિની અક્ષય આશા ॥

રામના જન્મપછી કૈકેયીએ ભરતને જન્મ આપ્યો અને છેવટે સુમિત્રાએ લક્ષ્મણ તથા શત્રુઘ્નને. એમના જન્મથી અયોધ્યામાં મોટો ઉત્સવ થયો. જનતા અતિશય આનંદમાં આવી ગઈ. ચૈત્ર સુદ નવમીને દિવસે રામનો જન્મ થયો એટલા માટે એને રામનવમી કહેવામાં આવે છે. પ્રકૃતિએ પણ પરમપ્રેમથી પ્રેરાઈને પ્રસન્નતાપૂર્વક એમના પ્રાકટ્યનો ઉત્સવ કર્યો. આહ્‌લાદ દાખવ્યો. એનો પ્રાણ પુલકિત બન્યો. એણે સુમધુર શીતળ પવિત્ર પવનને પ્રસરાવીને લાક્ષણિક રીતે એમનું સ્વાગત કર્યું. એ સ્વાગત કેમ ના કરે ? કોઈક સામાન્ય અધિકારી કે

રાજપુરુષ પધારે છે ત્યારે એમનું સાદર સસ્નેહ સ્વાગત કરવામાં આવે છે તો આ તો લોકોત્તર મહાપુરુષ. મહીમંડળનો ભાર ઉતારવા અવતરેલા પરદુઃખભંજન પરમ પુરુષ. એમના દર્શનથી એનું દિલ શા માટે ના ડોલે ? એમને અવલોકીને એનું અંતઃકરણ અને અંગપ્રત્યંગ શા માટે આહ્લાદ ના અનુભવે ? મહર્ષિ વાલ્મીકિ કહે છે કે એમના જન્મસમયે ગાંધર્વોએ મધુર ગીત ગાયા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ વરસી દેવતાઓ દુદુંભિ વગાડવા લાગ્યા. તુલસીદાસજી પણ પ્રકારાંતરે એવું જ વર્ણન કરે છે. આપણું મન અને અંતર આટલાં બધાં વરસો પછી આજે પણ શ્રીરામજન્મની કલ્પનાજન્ય સ્મૃતિથી આનંદી ઊઠે છે. આજે પણ પ્રત્યેક વરસે પ્રત્યેક રામનવમીને દિવસે બપોરે મંદિરોમાં અને માનવીનાં મનમંદિરોમાં રામજન્મને વધાવતી અક્ષય આરતી થાય છે અને ગૌરવાન્વિત ઘંટ વાગે છે. મનુષ્યજાતિને એ એકીસ્વરે સ્મૃતિ કરાવે છે કે રાવણનું વર્ચસ્વ ગમે તેટલું વધી પડે તોપણ રામ છે ત્યાંસુધી નાહિંમત બનવાનું, ડરવાનું કે નાસીપાસ થવાનું કારણ નથી. અસત્ય, અન્યાય, અધર્મનો અંત આવશે અને ફરી પાછી સત્યની, ન્યાયની, ધર્મની પ્રસ્થાપના થશે. રામનવમી એવી રીતે માનવજાતિને અવનવી અક્ષય આશા આપે છે.

*

## ॥ દશરથના હૃદયઆંગણે રામ ॥

દશરથ રાજાના રાજપ્રાસાદમાં રામ પધાર્યા એથી દશરથ ધન્યતાને અનુભવે એ સ્વાભાવિક હતું. દેહરૂપી રથમાં બેઠેલા દશરથના હૃદયરૂપી પ્રાસાદમાં રામ પ્રગટે કે પધારે નહિ ત્યાં સુધી એને આનંદનો, આરામનો કે ધન્યતાનો અનુભવ ના થઈ



શકે. જીવ બધું જ મેળવે, સામ્રાજ્યના સુખને પણ પ્રાપ્ત કરે પરંતુ રામને મેળવે નહિ ત્યાં સુધી સનાતન સુખશાંતિથી સંપન્ન ના બની શકે. સૌને શાશ્વત સુખશાંતિ અથવા આરામ આપે છે એ રામ. જીવાત્મારૂપી મહારાજા દશરથને ત્યાં અંતરની અયોધ્યામાં રામ પ્રગટે અને પધારે એ માટે જીવાત્મામાં રાજા દશરથ જેવી આતુરતા જોઈએ. અને એકધારો પ્રખર પ્રામાણિક પ્રયત્ન જોઈએ. આજના અતૃપ્ત અશાંત માનવે એ સંદેશને ગ્રહણ કરવાનો છે.

હવે મહારાજા દશરથના અને કૌશલ્યાના જીવનમાં રામની સંનિધિને લીધે જે આનંદનો આવિર્ભાવ થયેલો તે લાંબો ટક્યો નહિ. વાત એમ હતી કે અન્ય ઋષિઓની જેમ અરણ્યના એકાંત પ્રદેશમાં રહીને વિશ્વામિત્રે પણ એક અલૌકિક સુખશાંતિદાયક યજ્ઞ આરંભેલો પરંતુ એમાં અને અરણ્યમાં અન્ય ઋષિઓની સાધનામાં મારીચ અને સુબાહુ નામના બે રાક્ષસો અંતરાયો ઊભા કરતાં તેમણે વિશ્વામિત્રની યજ્ઞવેદી પર રક્ત અને માંસની વૃષ્ટિ કરેલી એ રાક્ષસોનો નાશ કરવા માટે શ્રીરામ સંપૂર્ણ સમર્થ છે. એવું માનીને એ રામની અને લક્ષ્મણની માગણી કરવા આવેલા.

શ્રીરામના શરીરધારણનો હેતુ જ સેવાનો હતો. એટલે એમને આ અવસર લાગ્યો. પણ મમત્વને લીધે દશરથને વિશ્વામિત્રની આ માગણીથી દુઃખ થયું. પણ વશિષ્ઠમુનિના સમજાવવાથી તેમનો વિષાદ દૂર થયો. રામને તો માનવહિતના મંગલમય યજ્ઞમાં અંતરાયરૂપ બનતા અસુરોથી ઋષિઓને રક્ષવા માટે વનમાં જવાના વિચારથી જ આનંદ આવી ગયો. આમ નિર્મમતાની દીક્ષા આ ક્ષણથી જ શરૂ થઈ ગઈ.

*

## ॥ રામને વિશ્વામિત્ર પાસેથી અલૌકિક વિદ્યા પ્રાપ્ત થઈ ॥

વિશ્વામિત્રે સરયુ નદીના તટ પર રામને 'બલા અને અતિબલા'ના નામથી મંત્ર ગ્રહણ કરવાનું કહ્યું. જેથી તેમને કદી થાક ના લાગે, તાવ ના આવે ને તેમના સ્વરૂપમાં કોઈ ફેરફાર થાય નહિ. એના અભ્યાસથી ભૂખ તરસ ના લાગે. સૌભાગ્ય, માધુર્ય, જ્ઞાન તથા ચાતુર્યમાં અજોડ બને. સમસ્ત સંસારમાં યશસ્વી થાય. આમ 'અલૌકિક વિદ્યા' રામને પ્રાપ્ત થઈ.

વિશ્વામિત્ર મુનિની યજ્ઞરક્ષા માટે તાટકાવનમાં આવેલા રામે જેવો ધનુષ્યનો ટંકાર કર્યો કે તાટકા રાક્ષસી એ ભયંકર અવાજની દિશામાં ક્રોધે ભરાઈને દોડવા લાગી અને ધૂળના ગોટેગોટા ઉડાડી, રામ લક્ષ્મણ પર પથ્થરોની વૃષ્ટિ કરવા માંડી. રામે એના બન્ને હાથને સુતીક્ષ્ણ બાણથી કાપી નાખ્યા. અને લક્ષ્મણે એના નાક, કાન કાપી નાખ્યાં. છેવટે રામે બાણ મારીને એની છાતીને ચીરી નાંખી એથી ભયંકર ચિત્કાર કરતી એ ધરતી પર ઢળી પડી અને મરી ગઈ. વિશ્વામિત્રે આનાથી ઊંડો સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો. એમણે રામને અન્ય દિવ્ય અદ્‌ભુત અમોઘ શસ્ત્રાસ્ત્રો અર્પણ કર્યાં.

જ્યારે મારીચ અને સુબાહુ યજ્ઞમાં ભંગ પાડવા માટે આવી પહોંચ્યા ત્યારે એમના પર પણ રામે બાણનો પ્રહાર કર્યો અને મારીચ દૂર સમુદ્રનાં પાણીમાં પડ્યો અને સુબાહુ ધરાશાયી થઈ ગયો. ત્યાર પછી પણ બીજા બે નિશાચરોનો તેમણે સંહાર કર્યો. આમ રાક્ષસોના પ્રતિકાર અને નાશથી ઋષિમુનિઓએ પ્રસન્ન બનીને રામલક્ષ્મણને અભિનંદન આપ્યા.

*



## ॥ અહલ્યાનો ઉદ્ધાર ॥

મિથિલાપુરીમાં એક એકાંત આશ્રમ જે ગૌતમ મુનિનો હતો તેમાં રામે પ્રવેશીને પોતાની અમોઘ શક્તિથી મુનિપત્ની અહલ્યાનો ઉદ્ધાર કર્યો. ગૌતમ મુનિના શાપથી પથ્થરમાં પરિવર્તન પામેલી અહલ્યાની પૂર્વકથા વિશ્વામિત્રે રામને સંભળાવી અને શિલારૂપે રહેલી અહલ્યાને પોતાની પવિત્ર પદરજથી પાવન કરવા કહ્યું. રામે જેવો તે શિલા પર પગ મૂક્યો કે, શિલામાંથી અહલ્યાનો આવિર્ભાવ થયો. અહલ્યાએ અશ્રુપૂર્ણ આંખે રામને પ્રણામ કર્યા. રામને કૃતજ્ઞતાપૂર્વક પ્રાર્થના કરીને કહ્યું; 'મુનિનો શાપ મારે માટે આશીર્વાદરૂપ બની ગયો. તેથી તમારું દેવદુર્લભ દર્શન થયું.'

આ પવિત્ર પ્રસંગની પૂર્ણાહુતિ કરતાં તુલસીદાસજી જણાવે છે કે, 'ભગવાન કરુણાસિંધુ, અકારણ કૃપાળુ છે. એમની ભક્તિમાં જ જીવનું પરમ કલ્યાણ, સાચું સાર્થક્ય સમાયેલું છે.'

*

## ॥ રામ-સીતાનું મંગલમય મધુર મિલન ॥

પરમપુરુષના પ્રતિનિધિ જેવા રામ અયોધ્યામાં અવતીર્ણ થયા તો તેમની અંગરૂપા પ્રકૃતિ એમના અલૌકિક અભિનયને અનુકૂળ થવા માટે મિથિલાપુરીમાં રાજા જનકને ત્યાં પ્રગટેલી એ બન્નેનો યોગ થાય નહિ ત્યાં સુધી રામનું જીવનકાર્ય અધૂરું રહે. રામસીતાને પોતાનાં મંગલમય મધુર મિલનની માહિતી હોય કે ના હોય પણ ઘટનાચક્ર એમને આગળ એ દિશામાં લઈ જવા લાગ્યું. રાજા જનકને ત્યાં ધનુષ્યયજ્ઞ થવાનો હતો ત્યાં જવા વિશ્વામિત્રે રામને તૈયાર કર્યા.

રાજા જનક એકવાર ખેતરમાં હળ ચલાવી રહેલા ત્યારે

પૃથ્વીમાંથી એક કન્યાનું પ્રાગટ્ય થયું. એનું નામ સીતા રાખવામાં આવ્યું. ભગવાન શંકરના ધનુષ્યની જે પ્રત્યંચા ચઢાવે તેની સાથે એનું લગ્ન કરવાનો રાજા જનકે સંકલ્પ કર્યો. સીતા મોટી થતાં ભલભલા રાજાઓ આવી ગયા. પણ ધનુષ્યને રજ હલાવી પણ ના શક્યા.

વિશ્વામિત્રની સૂચનાને અનુસરીને રામે ધનુષ્યનું નિરીક્ષણ કર્યું અને પછી રાજા જનકની અનુમતિ મેળવી એની પ્રત્યંચાને ચઢાવી દીધી. એને ઉપર ખેંચતાં જ એ વચ્ચેથી તૂટી ગઈ. ત્યાં ઉપસ્થિત હજારો દર્શકો આશ્ચર્યચકિત થઈ ગયા. રાજા જનક, વિશ્વામિત્ર, લક્ષ્મણ તેમજ અન્ય ઋષિમુનિઓની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. ધનુષ્યભંગના સમાચાર રાજા દશરથને સંભળાવીને તેમને મિથિલા તેડવામાં આવ્યા. ને તેમનો સુંદર સત્કાર થયો.

એ પછી એક અનુકૂળ ધન્ય દિવસે રામની સાથે બીજા ત્રણ ભાઈઓની લગ્નની વિધિ કરાઈ. રામનું લગ્ન સીતા સાથે, લક્ષ્મણનું ઊર્મિલા સાથે, ભરતનું માધવી સાથે અને શત્રુઘ્નનું શ્રુતકીર્તિ સાથે થયું. (માધવી તથા શ્રુતકીર્તિ જનકના નાના ભાઈ કુશધ્વજની કન્યાઓ હતી.) આવી રીતે એક જ પરિવારથી રાજા દશરથને ચાર પુત્રવધૂની પ્રાપ્તિ થઈ. સૌને આનંદ આનંદ થઈ ગયો.

*

## ॥ પરશુરામનો પ્રસંગ ॥

રામે ભગવાન શંકરનું ધનુષ્ય તોડ્યું એ જાણતાં પરશુરામે વિષ્ણુભગવાનનું ધનુષ્ય અર્પણ કર્યું અને એને ચઢાવવા કહ્યું. પરશુરામ એ રીતે રામની લોકોત્તરતાની અને રામની



અસાધારણ શક્તિની કસોટી કરવા માગતા હતા. રામ એમાંથી પાર ઉતર્યા. પરંતુ ધનુષ્ય અદૃશ્ય થઈ જતાં પરશુરામને પરમ આશ્ચર્ય થયું. રામની અલૌકિકતાની અનુભૂતિ થતાં એમની સ્તુતિ કરી તો શ્રીરામે પણ એમની પૂજા કરી.

રામનું વ્યક્તિત્વ જ એવું અદ્ભુત હતું કે માનવને એના મૂળભૂત કર્તવ્યનું સ્મરણ કરાવે તેથી પરશુરામ બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણના ગુણધર્મનો ત્યાગ કરી બેઠેલા તેમને રામે ફરી એ ગુણધર્મની દીક્ષા આપી.

*

## ॥ અયોધ્યામાં રામ-સીતાનું આગમન ॥

અયોધ્યાપુરીમાં આવીને રામસીતા પરમ પ્રસન્નતાને પામે એમાં આશ્ચર્ય શું ? પરંતુ જીવન સદાને સારુ એક સરખું પ્રસન્ન ક્યાં રહી શકે છે ? ઘડીમાં પ્રિયજનોનો સંયોગ કરાવે છે તો ઘડીમાં વિયોગ. અનુકૂળતાની સાથે પ્રતિકૂળતા અને સુખની સાથે દુઃખ પણ છે. પણ જે અનાસક્ત બનીને સાક્ષીની જેમ જીવે છે તે જ સુખી થાય છે.

અયોધ્યાકાંડનો આરંભ રામને યુવરાજ બનાવવાના અને તેનાં રાજ્યાભિષેકના સુખદ સમાચારથી થાય છે. દશરથ રાજાએ રાજ્યકાર્યમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો. અને પ્રજાને રામ પ્રત્યે પ્રેમ હોવાથી એ જાણીને આનંદ થયો. પણ રામને રાજ્યપ્રાપ્તિની લેશ પણ લાલસા ના હતી. એમણે તો વિચાર કર્યો કે રાજ્યાભિષેક ચારેય ભાઈઓનો સાથે કેમ નહિ ?

રામના રાજ્યાભિષેકના સમાચારથી કૌશલ્યા અને સુમિત્રાની જેમ કૈકેયીને પણ ખૂબ આનંદ થયો. પણ કૈકેયી સાથે દાસી બનીને આવેલી મંથરાએ કૈકેયીને કહ્યું કે ભરત ને શત્રુઘ્ન

મામાને ત્યાં જતાં જ કાલે સવારે જ રામનો રાજ્યાભિષેક થવાનો જે નિર્ણય થયો છે એ જાણીને તારા અને ભરતના હિતનો વિચાર કરીને મને દુઃખ થયું છે. કૈકેયી તો રામના મંગલમાં જ પોતાનું મંગલ માનતી પણ મંથરાની ભંભેરણીથી એની બુદ્ધિ બદલાઈ ગઈ, મતિ મલિન થઈ ગઈ. કૈકેયીએ કોપ ભવનમાં પ્રવેશ કર્યો. રાજા દશરથને આશ્ચર્ય અને દુઃખ થયું. પણ રાણીને મનાવવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. દશરથને એણે પોતાનાં બે વરદાનો યાદ કરાવ્યાં તો દશરથે બે ને બદલે ચાર વરદાન માગવા કહ્યું. અને જણાવ્યું

''રઘુકુળ રીતિ સદા ચલી આઈ,
પ્રાણ જાહુ અરુ વચન ન જાઈ.''

ત્યારે કૈકેયીએ કહી દીધું કે પહેલાં વરદાનમાં ભરતનો રાજ્યાભિષેક માગું છું અને બીજા વરદાનમાં રામ તપસ્વીવેશે ચૌદ વર્ષનો વનવાસ ભોગવે એવું માગું છું.

રાજાના મસ્તક પર જાણે વીજળી પડી, એના પગ નીચેની પૃથ્વી સરકવા લાગી. પોતાની જાતને જેમ તેમ કરીને સાચવવાનો પ્રયત્ન કરીને કૈકેયીને સમજાવવા લાગ્યા કે ભરતનો રાજ્યાભિષેક કરવામાં કશી હરકત નથી. પરંતુ રામ વનવાસ વેઠે એવું શા માટે માગે છે ? પરંતુ કૈકેયી પુનઃવિચાર કરવા તૈયાર ન હતી. એટલે દશરથ અસહાય બની વિલાપ કરવા લાગ્યા. તેમની આખી રાત વિલાપમાં વીતી ગઈ. પ્રભાતનાં પ્રથમ પ્રહરમાં મહામંત્રી રાજાને મળવા આવ્યા તો કૈકેયીએ એમને રામને મોકલવાનો આદેશ આપ્યો. રામ આવ્યા અને પિતાની કરુણાતિકરુણ દશાના કારણને પૂછવા લાગ્યા. ત્યારે કૈકેયીએ રાતની કથા કહી. આ સાંભળી રામે જણાવ્યું કે 'ભરત મને પ્રાણથી પણ પ્રિય' છે. એને રાજ્ય મળે એથી



વિશેષ મંગલ બીજું શું હોઈ શકે ? મારે માટે વનગમન ખૂબ જ કલ્યાણકારક થશે. સંયમી સાદું જીવન જીવાશે, પ્રાતઃસ્મરણીય ઋષિમુનિઓનાં દેવદુર્લભ દર્શનનો લાભ મળશે અને પ્રજાની પરિસ્થિતિની માહિતી મેળવીને જરૂરી સેવા થશે. તમે મારે માટે સર્વોત્તમ વિકાસપ્રેરક વનગમન માગ્યું એને તમારો અનુગ્રહ માનું છું. દશરથે રામનું નામ લેતાં પાસુ ફેરવ્યું. રામે તેમને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો કે હું વનમાં જવા તૈયાર છું. તમે જરા પણ શોક કે ચિંતા કરશો નહિ. જે માતા તથા પિતાને પ્રાણ સમાન પ્રિય સમજે છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સહેલાઈથી પામી લે છે.

*

## ॥ રામનું વનગમન ॥

રામના વનગમનના સમાચારથી માતા કૌશલ્યાને ખૂબ જ દુઃખ થાય છે. એ રામને વનમાં ન જવા માટે વિનવે પણ છે. પણ રામ એમને ખૂબ સારી પેઠે સમજાવે છે ત્યારે આખરે તેમને શુભકામના આપે છે અને રામ બહુ સરસ કહે છે : ''માતા મને વનમાં જવાની આજ્ઞા આપો અને આપણા સૌના સ્નેહને સારુ સ્વસ્તિવાચન કરાવો જેથી વનવાસનો વખત પૂરો કરીને હું તમારી સેવામાં પાછો આવી શકું.''

રામને વનમાં જવાનો આદેશ મળ્યો છે એ જાણતાં જ સીતાએ પણ રામની સાથે વનમાં જવા સંકલ્પ કર્યો. તેના વિચારોનું ધ્રુવપદ હતું 'ઊંચા ઊંચા રાજમહેલોમાં રહેવાનું, વિમાનોમાં વિહરવાનું એ સઘળાં કરતાં સ્ત્રીને માટે સઘળા સંજોગોમાં પતિના ચરણોની છાયામાં વસવાનું વધારે મહત્ત્વનું છે.'

'મારા પ્રાણનો સંપૂર્ણ પ્રેમ એકમાત્ર તમને જ અર્પિત છે

મારું મન તમારા વિના બીજે ક્યાંય નથી જતું. તમારા વિયોગથી હું જીવતી નહિ રહી શકું. એટલા માટે મારી માગણીને માન્ય રાખીને મને સાથે લઈ લો.'

લક્ષ્મણે પણ રામની સાથે વનમાં જવાનો નિર્ણય કર્યો અને સુમિત્રાએ પણ સમજણપૂર્વક સંમતિ આપી. કેમકે પોતાનો પુત્ર રામવિમુખ થાય એ એને મંજૂર ન હતું.

આમ રામના વનગમનના પ્રસંગમાં સ્પષ્ટ જણાય છે કે કૈકેયી અને મંથરા સિવાયનાં અયોધ્યાપુરીનાં બીજા બધાં જ પાત્રો રામભક્તિથી ભરેલા છે રામની પ્રીતિ, સંગતિ અને સેવામાં એ જીવનનું પરમકલ્યાણ સમજે છે. આખી અયોધ્યા જાણે ઇચ્છે છે કે એમનું જીવન કામમય બનવાને બદલે રામમય થાય અથવા પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત બની જાય. લક્ષ્મણની પત્ની ઊર્મિલા રામ અને સીતા પ્રત્યેના પ્રબળ પવિત્ર પ્રેમથી પ્રેરાઈને પોતાનું આત્મબલિદાન આપી શકી અને એ પણ પડદા પાછળ રહીને એકદમ સહજ અને મૂક રીતે. એ અસાધારણ સ્ત્રીને અભિનંદન જેટલા આપીએ તેટલા ઓછાં છે.

*

## ।। રામ વિનાની અયોધ્યા ।।

રામે સીતા તથા લક્ષ્મણ સાથે વનવાસની તૈયારી કરી ત્યારે દશરથના દુઃખની સીમા ના રહી. રામ-લક્ષ્મણ-સીતા સહિત રથ આગળ ચાલ્યો ત્યારે દશરથ બેશુદ્ધ બની ગયા. અયોધ્યામાં હાહાકાર થઈ ગયો. પ્રજા વિલાપ કરતી રથની પાછળ ચાલવા લાગી. રામ વિનાની અયોધ્યાપુરી એકદમ આનંદરહિત અને સૂની બની ગઈ. જીવનની નગરી પણ પરમાત્મારૂપી રામને લીધે જ રસમય લાગે છે. જે જીવનમાં રામ નથી રહેતા એ જીવન સ્મશાન સરખું શૂન્ય અને શુષ્ક થાય છે.

*



## ।। દશરથ રાજાનો સ્વર્ગવાસ ।।

રામના ગયા પછી રાજા દશરથની દશા અત્યંત કરુણ બની ગઈ. કૌશલ્યા અને સુમંત્રે બન્નેએ આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો એ વખતે રાજાને પિતૃપ્રેમી શ્રવણના અંધ પિતાના શ્રાપનું સ્મરણ થયું. એમણે સરયૂ તટ પરથી છોડેલું શબ્દવેધી બાણ પાણી લેવા ગયેલા શ્રવણને અજાણતાં જ વાગવાથી એ ધરતી પર ઢળી પડ્યો. ત્યારે પુત્રના સ્વર્ગવાસની વાત સાંભળીને પિતાએ શ્રાપ આપ્યો કે તમને પણ મારી જેમ જ પુત્રના વિયોગનું દુઃખ થશે અને તમારું પુત્રશોકથી મૃત્યુ થશે. કહેવાય છે કર્મનું ફળ મનુષ્યને અવશ્ય મળે જ છે. એટલે રામને રટતા અને ભયંકર વ્યથા વેઠતા રાજા દશરથ છેવટે સ્વર્ગવાસ પામ્યા.

'રામ રામ કહિ રામ કહિ રામરામ કહિ રામ
તન પરિહરિ રઘુવરવરહં રાઉ ગયઉ સુરધામ.'

કહેવાય છે રામને સ્મરીને શરીર ત્યાગ કરનારા દશરથની સદ્‌ગતિમાં સંદેહ રહ્યો નહિ. અંતકાળે જેવી મતિ તેવી ગતિ.

*

## ।। ભરતની ભાવના ।।

ભરતનું ભાવભીનું પાત્ર વિધાતાનો મહાન ચમત્કાર છે. એ આજે પણ એવું જ પ્રેરક અને પતિત પાવન છે. સામ્રાજ્યના પ્રલોભનને પ્રસન્નતાપૂર્વક પરિત્યાગીને ભરતે રામ પ્રત્યેના પ્રબળતમ પ્રેમ ને સત્યનિષ્ઠાનો પરિચય કરાવ્યો.

અયોધ્યામાં આવ્યા પછી ભરતને કૈકેયી દ્વારા રામના વનવાસ અને પિતાના સ્વર્ગવાસની માહિતી મળી ત્યારે એના ઉપર વજ્રપાત થયો કૈકેયીને કઠોર શબ્દોમાં ઠપકો આપ્યો. સઘળા અમંગલનું મૂળ કારણ મંથરા છે એવું જાણી શત્રુઘ્ને ક્રોધે

ભરાઈને લાત મારી. પછી ભરતે કૌશલ્યા પાસે જઈ જેમતેમ કરીને એને સાંત્વન આપવાનો પ્રયાસ કર્યો.

ગુરુ વસિષ્ઠ આવતાં ભરતે દશરથનો અગ્નિસંસ્કાર કર્યો. પછી વસિષ્ઠ, સુમંત્ર અને અન્ય આદરણીય આપ્તજનોએ ભરતને અયોધ્યાની રાજગાદી પર બેસવાની સ્નેહપૂર્ણ સૂચના કરી. પરંતુ સ્વાભાવિક રીતે જ તેણે અસ્વીકાર કરતાં જણાવ્યું કે રાજ્ય પર રામનો જ અધિકાર છે. રઘુકુળ અને સર્વત્ર મોટાભાઈને જ રાજ્ય મળે એવી રીતિ છે. હું રામ પાસે સત્વરે પહોંચીને ક્ષમા માગીશ અને એમને અયોધ્યા પાછા આવવા માટે પ્રાર્થના કરીશ.

ભરતે બીજે જ દિવસે સવારે રામ પાસે પહોંચવા પ્રસ્થાન કર્યું. એણે કહ્યું કે મારો અપરાધ અસાધારણ છે. ભરતના મનમાં રામના જ વિચારો ચાલી રહેલા. એટલે પ્રયાગરાજ પાસે એણે પ્રાર્થના કરી કે જનમોજનમ મારી રતિ રામચરણમાં જ રહે એ જ વરદાન પ્રદાન કરો.

ભરતની પ્રાર્થનાને અનુસરીને મહર્ષિ વસિષ્ઠે રામને સૌની ઇચ્છાને માન આપીને અયોધ્યા આવી રાજ્ય કરવા જણાવ્યું. પણ રામે દ્રઢતાથી કહ્યું, 'હું પિતાના વચનપાલનમાંથી પાછો વળી શકીશ નહિ. ભરત, માતા કૈકેયીએ કામનાથી પ્રેરાઈને તારે માટે જે કાંઈ કર્યું છે તેને મનમાં લાવીશ નહિ. અને પોતાની પૂજનીય માતા પ્રત્યે કરવો ઘટે તેવો જ આદર્શ વ્યવહાર એમના પ્રત્યે સદા કરતો રહેજે.'

ભરત પાસે કોઈ વિકલ્પ ન રહેતાં રામ પાસે બે સુવર્ણભૂષિત પાદુકાઓ રાખીને એમને ચરણસ્પર્શથી પાવન કરવાની પ્રાર્થના કરી. રામે એ પ્રાર્થનાને સપ્રેમે સ્વીકારી ત્યારે ભરતે એ પાદુકાઓને પ્રણામ કરી કહ્યું, ''હું પણ ચૌદ વરસ સુધી જટા



અને ચીર ધારણ કરી, ફળમૂળને આરોગીને આપના આગમનની પ્રતીક્ષામાં નગર બહાર વાસ કરીશ.''—ભરતનો આવો અપાર્થિવ અનુરાગ જોઈને સહુ મંત્રમુગ્ધ બની ગયા. રામનું હૃદય પણ હાલી ઊઠ્યું.

અયોધ્યામાં આવ્યા પછી ચરણપાદુકાઓને રામનું પ્રતીક સમજી ભરતે નંદીગ્રામમાં નિવાસ કર્યો. અને મંત્રીઓની મદદથી રાજ્યકાર્ય કરવા લાગ્યા. આમ ભરતનું નિર્મલ સુંદર ચરિત્ર રામચરણની પ્રીતિને વધારનારું, નિર્મોહ કરનારું કે કવિકાળનાં દોષો કે ક્લેશોમાંથી મુક્તિ આપનારું છે.

*

## ॥ ગુહનો મેળાપ ॥

રામ, સીતા અને લક્ષ્મણ સુમંત્રના રથમાં શ્રૃંગવેરપુર પહોંચ્યા ત્યાં ગુહ નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રામનો પ્રાણપ્રિય મિત્ર હતો, એનો જન્મ નિષાદકુળમાં થયેલો. રામને વલ્કલ વસ્ત્રમાં વિલોકીને એને ખૂબ જ દુઃખ થયું. તેણે ભાવથી કહ્યું કે 'તમારે માટે જેવું અયોધ્યાનું છે તેવું જ આ રાજ્ય છે. હું તમારી શી સેવા કરું ?' રામે જણાવ્યું, ''અત્યારે તો હું તાપસ વેશે વનમાં વિચરું છું અને ફળ-મૂળનો આહાર કરું છું. તમારી સામગ્રીમાંથી ઘોડાઓને કામ લાગનારી વસ્તુઓની જ મારે જરૂર છે. એમને ખવડાવવાથી મારો સંપૂર્ણ સત્કાર થઈ જશે.''

રાત્રે રામ સીતા સાથે તૃણની શૈયા પર સૂતાં ત્યારે ગુહનું હૈયું ભરાઈ આવ્યું. એમની રક્ષા કરતા લક્ષ્મણ સાથે આખી રાત જાગીને ગુહે વિવિધ વાતો કરી. કુદરતની લીલાની ગહનતા પ્રમાણી અને સાથેસાથે રામ જેવા લોકોત્તર મહાપુરુષો સુખદુઃખથી ચલાયમાન નથી થતા તે જાણી ગૌરવ અનુભવ્યું.

સવારે ગુહે રામના આદેશથી એક સુંદર નાવ તૈયાર કરી. રામ, લક્ષ્મણ ને સીતા એમાં બેઠાં એટલે નાવિકોએ એને ચાલુ કરી અને દૂર જતા રામને જોઈ ગુહ તથા સુમંત્ર બન્ને વ્યથિત થયા.

*

## ॥ કેવટનો પ્રસંગ ॥

નાવના એ પ્રસંગને કલ્પનાથી રંગી સંત તુલસીદાસે જરાક જુદી રીતે રજૂ કર્યો છે. નાવના નિમિત્તને પકડીને એમણે રામભક્તિને અંકિત કરવા માટે કેવટના પાત્રનો ઉપયોગ કર્યો છે. રામે નાવની માગણી કરી ત્યારે કેવટે બહુ સરળતાથી જણાવ્યું કે તમારા મર્મની માહિતી મને મળી ગઈ છે. તમારી ચરણરજ ચમત્કારિક છે એના સ્પર્શમાત્રથી જ શીલામાંથી સ્ત્રી બની જાય છે. મારી નાવ પણ એ રીતે સ્ત્રી થઈ જાય તો મારા દુઃખનો પાર રહે નહિ. કારણ કે મારા પરિવારનું પાલન એને લીધે જ કરી રહ્યો છું. હું બીજી કોઈ વિદ્યા નથી જાણતો. એટલે જો તમારે મારી નાવમાં બેસવું જ હોય તો મને પહેલાં આપના પગનું પ્રક્ષાલન કરી લેવા દો.

કેવટનાં નિર્દોષ પ્રેમવચનોને સાંભળીને રામ સ્મિત કરવા લાગ્યા. રામે આજ્ઞા આપતાં એણે એમનું અસાધારણ અનુરાગપૂર્વક પાદપ્રક્ષાલન કર્યું, આચમન લીધું અને એમને પાર ઉતાર્યા. પાર ઉતારીને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે સીતાએ એનો પ્રેમ પેખીને મણિની મુદ્રિકા આપી. કેવટની આંખમાં આંસુ આવ્યા. એણે કહ્યું કે મારે કશું નથી જોઈતું. તમારી કૃપા છે તે જ બસ છે. છતાં કાંઈ આપવું જ હોય તો પાછા આવો ત્યારે આપજો. રામે ઘણો આગ્રહ કરવા છતાં એણે માન્યું નહિ ત્યારે એને પવિત્ર પ્રેમભક્તિનું વરદાન દઈને રામ આગળ વધ્યા.



કેવટનું આ કથાનક સૂચવે છે કે પરમાત્માને પ્રસન્ન કરવા અને એમનો અમોઘ અનુગ્રહ મેળવવા માત્ર પવિત્ર પ્રેમભક્તિની, નિર્મળ હૃદયની ને છળરહિત વિશુદ્ધ વ્યવહારની જ આવશ્યકતા છે.

*

## ॥ ઋષિમુનિઓ પ્રત્યે રામનો પ્રેમ ॥

રામ, લક્ષ્મણ, સીતા મહર્ષિ અત્રિ અને અનસૂયાનાં દર્શનથી ધન્ય બને છે, તેમનું અત્યંત આદરપૂર્વક સન્માન કરી. અનસૂયા આશીર્વાદ સાથે સીતાને અલૌકિક વસ્ત્રો-આભૂષણો આપે છે. સ્ત્રીધર્મનો સુંદર સંદેશ પણ સંભળાવે છે, જેમાં કહે છે : 'પિતા, ભ્રાતા તથા પુત્ર પરિમિત સુખ પ્રદાન કરે છે પરંતુ પતિ અપરિમિત સુખ આપે છે.' ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પતિપત્નીનો સંબંધ કેવળ શરીરનો નથી. મન, અંતર, આત્માનો સંબંધ છે. એ સંબંધ ખૂબ જ પવિત્ર અને જીવનભરનો મનાય છે.

દંડકારણ્યના એકાંત આશ્રમમાં ધ્યાનાવસ્થામાં વિરાજિત સુતીક્ષ્ણ મુનિને પણ રામ, લક્ષ્મણ, સીતા મળ્યાં. એમના અંતરમાં ભગવાનની પવિત્રતમ કલ્યાણકારિણી ભક્તિ વિના કોઈ કામના ન હતી.

ત્યારબાદ રામે અગસ્ત્ય મુનિના આશ્રમ તરફ પ્રયાણ કર્યું. મહર્ષિ અગસ્ત્યે રામને એક મહાન દિવ્ય ધનુષ્ય, ભાથાં, બાણ તેમજ સોને મઢેલી તલવાર ભેટ આપી કહ્યું; 'રાક્ષસો પર વિજય મેળવવા આ ગ્રહણ કરો. વજ્રધારી ઈન્દ્ર વજ્રને ગ્રહણ કરે તેવી રીતે.'

*

## ॥ પંચવટીનિવાસ ॥

રામ, લક્ષ્મણ, સીતા માટે પંચવટીનિવાસ શકવર્તી બન્યો. અહીં બનેલા બનાવો એમના સમસ્ત જીવન પર પ્રબળ પ્રભાવ પાડી ગયા.

એક તો શૂપર્ણખા નામની રાક્ષસી, જે રાવણની બેન હતી તે રામને જોતાં જ મોહિત થઈ ગઈ. તેણે કામભાવથી પ્રેરાઈ આસુરીવૃત્તિથી ભરેલું પ્રેમનિવેદન કર્યું. રામે તેનો અસ્વીકાર કરી, લક્ષ્મણ પાસે મોકલી તો લક્ષ્મણે તેનો પરિહાસ કર્યો. પણ રામે પરિસ્થિતિની ગંભીરતા બતાવીને તેની સાથે ઉપહાસથી નહિ, વીરતાથી કામ લેવા જણાવ્યું. એટલે સીતાને ખાઈ જવા ધસતી શૂપર્ણખાનાં નાકકાન લક્ષ્મણે કાપી લીધાં. રાક્ષસી બૂમો પાડતી વનમાં રાક્ષસોથી ઘેરાયેલા એના ભાઈ ખર પાસે પહોંચી. એની દુર્દશા જોઈ ખરે રામની સાથે લડવા ચૌદ મોટા રાક્ષસોને મોકલ્યા. રામે એનો જોતજોતામાં નાશ કર્યો. શોકસંતપ્ત બેનને શાંત કરવા ખરે પછી સેનાપતિ દૂષણ સાથે ચૌદ હજાર રાક્ષસોની સેના મોકલી. રામે પોતાની અસાધારણ શક્તિથી ખર-દૂષણ સહિત આખી સેનાનો નાશ કર્યો.

રામના આ પરાક્રમથી ખુશ થઈ ઋષિમુનિઓએ જણાવ્યું કે; 'પાપાચારી રાક્ષસોના સંહાર માટે જ તમારું આગમન અહીં પંચવટીમાં આવશ્યક હતું. એ પવિત્ર પ્રયોજનની પૂર્તિ થવાથી હવે ઋષિઓ નિર્ભયતાપૂર્વક ધર્માનુષ્ઠાન કરી શકશે.'

*

## ॥ સીતાહરણ ॥

રામ, લક્ષ્મણ, સીતાનું જીવન હજી નિર્ભય કે નિશ્ચિત ન હતું. હજી તો તેમને આકરામાં આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર



થવાનું હતું. પંચવટીનો એ રાક્ષસોનો સર્વનાશ 'એક અસાધારણ પ્રસંગની પૂર્વભૂમિકા' બન્યો.

શૂપર્ણખા પોતાના દિલના ભારે ડંખ સાથે લંકાની રાજ્યસભામાં ભાઈ રાવણ પાસે પહોંચી, વિલાપ કરવા લાગી. રાવણને ઉશ્કેરવા કહેવા લાગી. 'સીતા જેવી સૌંદર્યવતી સ્ત્રીને આ પૃથ્વી પર પહેલાં મેં કદી જોઈ નહોતી. એ સુંદર સ્ત્રીને તારી પત્ની બનાવવાનો મેં પ્રયત્ન કર્યો એટલે લક્ષ્મણે મારી આવી અવદશા કરી.' આ સાંભળી રાવણની કામવૃત્તિ સળવળી ઊઠી.

રાવણે 'સીતાહરણ'ની યોજના બનાવી. મારીચનો સાથ શોધ્યો. પહેલાં તો તૈયાર ન થયો કેમકે એને રામના અસાધારણ પરાક્રમનો પરચો મળી ચૂકેલો. એણે પોતાના અનુભવથી રાવણને સમજાવવા પ્રયત્ન કર્યો. સાથે સ્પષ્ટ કહ્યું; 'હું તારો હિતેચ્છુ સુહૃદ છું. જો તું હઠપૂર્વક સીતાનું હરણ કરીશ તો તારી સમસ્ત સેનાનો સંહાર થશે અને રામના બાણથી તારા પ્રાણને ખોઈ બેસીશ.'

રાવણને સમજાવવાનો સઘળો પ્રયત્ન વ્યર્થ ગયો. મારીચ જાણતો હતો કે રામ પાસે પહોંચીને મરવાનું તો હતું જ. પણ રાવણની ધાકધમકીને વશ થઈને તેણે રામના હાથે મરવાનું વિચાર્યું. અને આસુરી માયાથી સુવર્ણમૃગ બનવાનું સ્વીકાર્યું.

મારીચના સુવર્ણ શરીરવાળા મૃગરૂપને જોઈ, સીતાએ સંમોહિત બની એને પકડી લાવવાની અથવા એને મારીને એનું સુંદર ચર્મ મેળવવાની રામને પ્રાર્થના કરી લક્ષ્મણે પોતાનો સંદેહ વ્યક્ત કર્યો કે મૃગના રૂપમાં મારીચ જ છે છતાં રામ સીતાના અતિ આગ્રહને અધીન બનીને એ માયાવી મૃગ પાછળ ચાલી નીકળ્યા. મૃગ હાથમાં ન આવતાં રામે તેને બાણ માર્યું એથી મરતી વખતે લક્ષ્મણ નામ પોકારીને મનમાં ધીરેથી રામનામ બોલીને મારીચે પોતાનું શરીર પ્રગટ કર્યું.

મારીચને મરેલો જોઈ, લક્ષ્મણના શબ્દોનું સ્મરણ કરી, રામ ઉતાવળે પગલે આશ્રમ તરફ વળ્યા. રામની રક્ષાસંદર્ભે શંકિત બનેલી સીતાએ લક્ષ્મણને કઠોર વચનો કહ્યાં એટલે લક્ષ્મણે નાછૂટકે રામની દિશામાં પ્રયાણ કરેલું.

એટલે એ અનુકૂળ અવસરનો લાભ લઈને સમીપવર્તી વનમાં સંન્યાસીના વેશમાં છૂપાયેલ રાવણ બહાર આવ્યો. પહેલાં તો સીતાને ભોળવવા પ્રયત્ન કર્યો પણ સફળ ન થતાં, પોતાની ઓળખાણ આપી અને મૂળ રૂપ ધારણ કરી, બળજબરીથી સીતાનું હરણ કર્યું એને લઈને રાવણનો ગગનગામી રથ આગળ વધ્યો ત્યારે એના શોકવિલાપ ને પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ.

સુવર્ણમૃગ જેવા અનાત્મ પદાર્થોનું આકર્ષણ માનવની બુદ્ધિને બગાડે છે અને એને બેચેન અને બદ્ધ બનાવે છે. કામ અને લાલસા માણસને કેવો દુરાચારી, અધમ બનાવે છે તેનું રાવણ ઉદાહરણ છે. આ આખોયે પ્રસંગ અતિ કરુણ, હૃદયંગમ, વાસ્તવિક અને બોધક છે.

*

## ॥ જટાયુ ॥

સીતાનું હરણ કરીને આકાશમાર્ગે આગળ વધતા રાવણને માર્ગમાં જટાયુનો મેળાપ થયો. રામે સીતાની સુરક્ષા એને સોંપેલી. એણે રાવણને ઓળખી, લલકારી બનતા બધા બળથી સામનો કર્યો. ભગવાનના કાર્ય માટે મરવાની એની તૈયારી હતી. રાવણે એના પરમ પરાક્રમથી પ્રભાવિત થઈને એની પાંખને કાપી નાખી, એને મરણતોલ કરી નાખ્યો.

આ બાજુ સીતાનો શોક પરાકાષ્ઠા પર પહોંચ્યો. માર્ગમાં



પર્વતના શિખર ઉપર રહેલા પાંચ વાનરોને જોઈને, પોતાના સમાચાર રામને પહોંચાડવાના પ્રયોજનથી પ્રેરાઈને પોતાની સોનેરી રેશમી ચાદર ઉતારીને, એમાં આભૂષણ રાખીને એમના તરફ ફેંકી દીધી. રાવણને એની ખબર ના પડી.

રાવણે લંકામાં પ્રવેશીને સીતાને પોતાના અંતઃપુરમાં રાખી પરંતુ સીતા એની અપેક્ષા પ્રમાણે પ્રિયતમા બનવા તૈયાર ના થઈ એટલે રાવણે એને ડરાવવા, ધમકાવવા તથા મનાવવાની સૂચના સાથે રાક્ષસીઓના સંરક્ષણ વચ્ચે 'અશોકવાટિકા'માં રાખવાની વ્યવસ્થા કરી.

*

## ॥ શબરીનો સમાગમ ॥

શબરી એક અસાધારણ સાધ્વી હતી. તપશ્ચર્યા, ગુરુભક્તિ અને ગુરુના આશીર્વાદથી પૂર્ણતાએ પહોંચેલી, પરમ પવિત્ર અને જીવતાં જ સાધના દ્વારા શ્રેય સાધી ચૂકેલી. રામ અને લક્ષ્મણને પોતાનાં પંપાસરોવર પાસેના એકાંત આશ્રમમાં આવેલા જોઈને એ ખૂબ જ પ્રસન્ન થઈ. એમનું વિધિપૂર્વક આતિથ્ય કરીને અરણ્યમાંથી એકઠા કરેલાં ફળોને એમની આગળ રજૂ કર્યાં. રામે એમનાં ફળોનો વખાણી વખાણીને આસ્વાદ લીધો.

પોતાના સદ્‌ગુરુના ભવિષ્યસૂચક શબ્દોને સ્મરીને શબરીએ રામદર્શનથી જીવનની ધન્યતા માનીને પોતાના પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો.

શબરીમાં નવધા ભક્તિ હતી. એ પ્રમાણે પ્રથમ ભક્તિ સંતોનો સમાગમ, બીજી ભગવાનની કથામાં રતિ, ત્રીજી નમ્રતા અને ગુરુના ચરણકમળની સેવા, ચોથી કપટને છોડીને પ્રભુનાં ગુણગાન ગાવાં, પાંચમી ભજન મંત્રજપ અને પ્રભુમાં દ્રઢ

વિશ્વાસ, છઠ્ઠી શીલ, વૈરાગ્ય અને ઈન્દ્રિયનિગ્રહ ને સાતમી જગતને ભગવાનમય જોવા અને સંતને ભગવાનથી અધિક માનવા, આઠમી સર્વે સ્થિતિમાં સંતોષ ને બીજાના દોષોને સ્વપ્ને પણ ના જોવા અને નવમી ભક્તિ સરળ, છળરહિત ને પ્રસન્ન રહીને હૃદયમાં પ્રભુનો વિશ્વાસ રાખવો.

આ ભક્તિના પ્રભાવથી શબરીએ રામને પંપા સરોવર તરફ પ્રયાણ કરી, સુગ્રીવ સાથે મિત્રતા સ્થાપવાની સલાહ આપી.

*

## ॥ સુગ્રીવનું સખ્ય ॥

રામ અને લક્ષ્મણને વીરના વેશમાં દૂરથી આવતા જોઈને ઋષ્યમૂક પર્વત પર બેઠેલા સુગ્રીવને પહેલાં શંકા ગઈ કે, એમને વાલીએ તો નહિ મોકલ્યા હોય ? તેમણે હનુમાનને સામાન્ય ભિક્ષુના રૂપમાં સાચી માહિતી મેળવવા મોકલ્યા. હનુમાને કહ્યું; ''અહીં સુગ્રીવ નામે શ્રેષ્ઠ વાનર રહે છે. એના ભાઈ વાલીએ એમને ઘરમાંથી કાઢી મૂક્યા હોવાથી એ અતિશય દુઃખી છે. એ તમારી સાથે મિત્રતા કરવા માગે છે. મને એમનો મંત્રી માની લો. હું વાયુપુત્ર છું અને ઈચ્છાનુસાર રૂપ ધરી, ઈચ્છાનુસાર સ્થળે જવાની શક્તિ ધરાવું છું.''

હનુમાનની વાત સાંભળી રામ-લક્ષ્મણ ખૂબ જ સંતોષ પામ્યા. હનુમાન પણ એમનો પરિચય સાંભળી કૃતાર્થ થઈ ગયા. હનુમાનજીના વિનમ્ર વાર્તાલાપથી પ્રભાવિત થઈને રામે કહ્યું; 'જેને ઋગ્વેદનું શિક્ષણ નથી મળ્યું, જેણે યજુર્વેદનો અભ્યાસ નથી કર્યો અને જેનામાં સામવેદની વિદ્વત્તા નથી એનાથી આવી સુંદર ભાષામાં વાર્તાલાપ કરી શકાય નહિ. કેટલીય વાતચીત કર્યા છતાં એના મુખમાંથી કોઈ અશુદ્ધિ નથી નીકળી.'



હનુમાનજી વાનરરૂપ ધારી, બંનેને પોતાની પીઠ પર બેસાડીને સુગ્રીવ પાસે લઈ ગયા.

સુગ્રીવે પણ સીતાની શોધમાં રામને સર્વ પ્રકારે સહાયતા કરવાનું વચન આપ્યું. એણે રામને કહ્યું; 'અતિશય આક્રંદ કરતી સ્ત્રી રાક્ષસ દ્વારા હરી જવાતી હતી ત્યારે તમારા અને લક્ષ્મણના નામનો પોકાર પાડતી હતી તે સીતા જ હોવી જોઈએ. મારા ચાર મંત્રી સાથે હું આ પર્વત પર બેઠો હતો ત્યારે એણે એની ચાદર અને આકર્ષક આભૂષણોને અમારી દિશામાં નાખેલાં; એ મેં સાચવી રાખ્યાં છે. સુગ્રીવે રામને એ બતાવ્યાં ત્યારે રામ બોલ્યા કે; 'આ વસ્ત્રાભૂષણ સીતાનાં જ છે. લક્ષ્મણે જણાવ્યું કે હું કેયૂર-કુંડલને તો ઓળખી શકતો નથી પરંતુ સીતાના ચરણે પ્રતિદિન પ્રણામ કરવાની ટેવને લીધે આ બંને નૂપુરને તો અવશ્ય ઓળખું છું.'—આ શબ્દો લક્ષ્મણની સ્વભાવ સહજ મર્યાદા અને પવિત્રતાના સૂચક છે.

રામની જિજ્ઞાસાથી સુગ્રીવે પોતાના મોટાભાઈ વાલી સાથેના વેરની સઘળી હકીકત કહી સંભળાવી. મયદાનવનો પુત્ર માયાવી વાલીને લલકારતો, ગુફામાં પ્રવેશ્યો. તેની પાછળ વાલી ગયો અને સુગ્રીવને કહ્યું, 'હું શત્રુનો સંહાર ન કરું ત્યાં સુધી ગુફાના દ્વાર પાસે ઊભો રહેજે. એક વરસથી વધારે વખત વીતી ગયો પછી એમાંથી રક્તની ધારા નીકળી, એ જોઈ મને ઘણું દુઃખ થયું મેં માની લીધું કે વાલીનું મૃત્યુ થયું છે. ગુફાના દ્વાર પર મોટી શિલા મૂકી હું કિષ્કિંધાપુરી પહોંચ્યો. મંત્રીઓએ મને રાજગાદી પર બેસાડી દીધો. હું ન્યાયપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. એ દરમિયાન વાલી અચાનક આવ્યો અને મને રાજ્યનો સ્વામી બનેલો જોઈને અતિશય ક્રોધે ભરાયો. એણે મને ઘરમાંથી કાઢી મૂક્યો અને મારી સ્ત્રીને છીનવી લીધી. દુઃખી

થઈને આ પર્વત પર આવ્યો.' સુગ્રીવની આપવીતી સાંભળી રામે તેને આશ્વાસન આપતાં કહ્યું; 'તારી પત્નીનું અપહરણ કરનાર વાલીનો હું વધ કરીશ.'

*

## ॥ વાલીનો નાશ ॥

રામે પોતાના દુઃખ કરતાં સુગ્રીવના દુઃખને સવિશેષ સમજીને એને દૂર કરવાનો સંકલ્પ કર્યો. વાલીના પ્રહાર સહીને આવેલા સુગ્રીવમાં રામે ઉત્સાહ અને શક્તિનો સંચાર કર્યો. એના શરીર પર હાથ ફેરવીને વજ્ર સમાન સુદૃઢ બનાવી દીધો. એના ગળામાં પુષ્પમાળા પહેરાવી જેથી એ વાલીથી જુદો પડી આવે. પછી સુગ્રીવે વાલીને યુદ્ધ માટે પડકાર કર્યો એથી વાલીના ક્રોધનો પાર ન રહ્યો. તે યુદ્ધની તૈયારી કરવા લાગ્યો ત્યારે તેની પત્ની તારાએ કહ્યું; 'આ વખતનું સુગ્રીવનું આગમન કોઈક શક્તિશાળી સહાયક વિના નથી થયું. અંગદ દ્વારા સમાચાર સાંભળેલા કે અયોધ્યાનરેશના બે શૂરવીર પુત્રો અહીં અરણ્યમાં છે. એ તમારા ભાઈના યુદ્ધધર્મમાં સહાયક બની આવ્યા છે. શ્રીરામ સદ્‌ગુણોના અક્ષય મહાન ભંડાર છે એમની સાથે તમારે વિરોધ ન કરવો જોઈએ. કારણ કે એ યુદ્ધકળામાં અજોડ છે. સુગ્રીવ તમારા નાના ભાઈ છે એ તમારા પ્રેમના અધિકારી છે.'

તારાના શબ્દો હિતકારક અને સાચા હોવા છતાં વાલીને ગમ્યા નહિ. એણે સુગ્રીવ સાથે યુદ્ધ આદર્યું અને એને ઘાયલ કરી દીધો. સુગ્રીવને પુષ્કળ પીડા પામતો જોઈને રામે વાલી પર બાણનો પ્રહાર કર્યો. વાલી ધરતી પર ઢળી પડ્યો. વાલીએ રામને કઠોર વચનો કહ્યાં. પણ રામે શાંતિપૂર્વક ઉત્તર આપતાં કહ્યું; 'હું ક્ષાત્રધર્મને અનુલક્ષીને તારા પાપને માફ કરી શકતો નથી. જે પુરુષ પોતાની કન્યા, બેન અથવા નાના ભાઈની પત્ની



સાથે કામસંબંધ રાખે છે એનો વધ કરવામાં કશું ખોટું નથી.'

વાલીનો નાશ જોઈ તારાના શોકનો પાર રહ્યો નહિ, પણ રામે એને શાંતિ આપી. સતી થતાં અટકાવી. વાલીએ પોતાના વેરપૂર્ણ વ્યવહાર માટે માફી માગી, સુગ્રીવને સદાચારપૂર્વક રાજ્ય કરવાની ભલામણ કરી. રામે અંગદ પાસે વાલીનું દાહકર્મ કરાવ્યું અને સાનુકૂળ સમયે સુગ્રીવનો રાજ્યાભિષેક કરાવ્યો.

*

## ॥ સંપાતિનો સમાગમ ॥

સુગ્રીવના આદેશને અનુસરીને વાનરો રામનું કાર્ય કરવા માટે જુદી જુદી દિશામાં ઉત્સાહપૂર્વક રવાના થયા. સુગ્રીવે એમને જણાવ્યું કે, એક મહિનાની અંદર સીતાની શોધ વિના પાછા ફરશે તેમને દેહાંતદંડ થશે. સુગ્રીવને હનુમાનમાં પરમ વિશ્વાસ હતો. રામને પણ ગાઢ વિશ્વાસ હતો. એમણે હનુમાનને પોતાના નામથી અલંકૃત એક વીંટી આપી કહ્યું; 'કપિશ્રેષ્ઠ, આ નિશાનીને નિહાળીને સીતાને વિશ્વાસ થશે કે તમે મારી પાસેથી જ વિદાય થયા છો. એ ભીતિને ત્યાગીને તમારી તરફ જોઈ શકશે.'

હનુમાને પોતાને પરમ સૌભાગ્યશાળી સમજીને રામની એ મુદ્રિકાને મસ્તક પર મૂકી પછી એમને પ્રણામ કરીને વાનરોની વિશાળ સેના સાથે દક્ષિણ દિશા પ્રતિ પ્રયાણ કર્યું. એક અભિયાનમાં જોડાયેલા બધા વાનરો ઉત્સાહપૂર્વક સીતાની શોધ કરવા લાગ્યા. એમના જીવનનો એક જ ઉદ્દેશ્ય, રસ અને આનંદ રામનું કાર્ય કરવાનો હતો.

એક માસની અવધિ પૂરી થવા આવી પણ સીતાની માહિતી ન મળતાં વાનરો શોકમય બની ગયા. ઉપવાસ દ્વારા શરીરત્યાગનો સંકલ્પ કરી, તે સમુદ્ર તટ પર બેસીને વાર્તાલાપ

કરતા હતા ત્યાં ગૃધ્રરાજ સંપાતિનું શુભાગમન થયું. એ જટાયુનો ભાઈ હતો. વાનરોને જોઈને કુદરતે પોતાને માટે અનોખો આહાર મોકલ્યો છે એવું સમજીને એ આનંદમાં આવી ગયો. પણ તેમના મુખે જટાયુના સ્વર્ગવાસના સમાચાર સાંભળતાં તે અતિ આર્તહૃદયી બની ગયો. સીતાની રક્ષા માટેના જટાયુના પ્રખર પરાક્રમની વાત સાંભળીને તેને સંતોષ થયો.

વાનરોને સુગ્રીવ તથા રામના સેવકો તરીકે ઓળખી સંપાતિ અતિ પ્રસન્ન થયો. તેણે પોતાની વાત કરતાં કહ્યું; 'તરુણાવસ્થામાં અમે બંને ભાઈઓ સૂર્યની દિશામાં ઊડતા હતા.' સૂર્યપ્રકાશને સહી ન શકતો જટાયુ પાછો ફર્યો પણ હું અભિમાનપૂર્વક આગળ વધતો જ ગયો. છેવટે મારી પાંખ બળી ગઈ, ચંદ્રમા નામના મહાન મુનિએ કરુણાથી પ્રેરાઈ મારી સેવા કરી કહ્યું; 'સીતાને રાવણ હરી જશે ત્યારે રામના દૂતો કે સેવકો સીતાની શોધમાં અહીં આવે ત્યારે તું સીતાની માહિતી એમને પૂરી પાડજે.'

સંપત્તિએ કહ્યું; અહીંથી ચારસો ગાઉના અંતરે સમુદ્રમાં એક દ્વીપ છે ત્યાં લંકાપુરી છે. એના કિલ્લાની અંદર વિદેહકુમારી સીતા પીળા રંગની રેશમી સાડી પહેરી અતિશય દુઃખપૂર્વક રહે છે. તમારા પુરુષાર્થનો પરચો સમુદ્રને પાર કરીને દર્શાવો. એ જ વખતે સંપાતિને નવી પાંખો ફૂટી ! વાનરોને ઉત્સાહ, હિંમત, ધીરજ આપીને એ વિદાય થયો.

*

## ॥ હનુમાનની તૈયારી ॥

સંપાતિના શબ્દોથી ઉત્સાહિત બનીને વાનરો સમુદ્રના વિશાળ પટ પર પહોંચ્યા તો ખરા પણ એને પાર કેવી રીતે



કરવો ? જુદા જુદા વાનરોએ પોતાની સીમિત શક્તિનો ખ્યાલ આપ્યો. તો સમુદ્રને ઓળંગવાનું અગત્યનું કલ્યાણકાર્ય કોણ કરશે ? ત્યાં જામ્બવાને હનુમાનને ઉત્સાહિત કરતાં કહ્યું : 'વાનરશિરોમણિ ! તમારી શક્તિ, બુદ્ધિ, તેજસ્વિતા તથા ધીરજ સઘળા પ્રાણીઓમાં સૌથી વધારે છે. હે વાનરશ્રેષ્ઠ હનુમાન ! ઊઠો આ અસીમ અર્ણવને ઓળંગી જાવ.' ને હનુમાને પોતાનું વિરાટ સ્વરૂપ પ્રગટ કર્યું એ જોઈને સૌના આનંદનો પાર ન રહ્યો. સૌએ એમનો જયજયકાર કર્યો.

આજે માનવ શાશ્વત શાંતિની શોધમાં છે. અંતઃકરણની અશોકવાટિકામાં પરમાત્માની પરમ ચેતના સીતા છે એનો સાક્ષાત્કાર કેવી રીતે કરાય ? અવિદ્યાના અર્ણવને ઓળંગવા માનવે વામનમાંથી વિરાટ બનવું પડે.

*

## ॥ હનુમાનનો લંકાપ્રવેશ ॥

રામાયણનો 'સુંદરકાંડ' પવનસુત હનુમાનના પ્રખર પરાક્રમની પુણ્યગાથા છે. એ અંજનીપુત્રનું જયગાન છે. તેમણે રામને સરસ શબ્દોમાં જણાવ્યું છે; 'મારા હૃદયમાં હે રામ, બીજી કોઈપણ સ્પૃહા નથી. તમે અખિલ વિશ્વના અંતરાત્મા છો તમને સાચું કહું છું મને તમારી એકનિષ્ઠ ભક્તિ આપો. મારા મનને કામાદિ દોષથી રહિત કરો.'

હનુમાનજી રામને હૃદયમાં રાખી, રામના કલ્યાણકાર્યને માટે તૈયાર થયા. સમુદ્રને ઓળંગવા માટે એમણે એમના અંગને અતિશય મોટું કર્યું અને બંને બાહુ તથા ચરણથી એ પર્વતને દબાવ્યો. એ પરમ તેજસ્વી મહાકાય મહાકપિ હનુમાન આલંબનરહિત આકાશમાં પાંખધારી પર્વત જેવા દેખાતા હતા.

એમને સમુદ્ર પરથી પસાર થતી વખતે સુરસા મળી તેણે કહ્યું; 'મારા મુખમાં પ્રવેશીને જ તમે આગળ જઈ શકશો.' બંને વચ્ચે શરીરને વધારવાની હરિફાઈ ચાલી. છેવટે સુરસાએ વદનને સો યોજન જેટલું મોટું કર્યું એટલે અસાધારણ બુદ્ધિવાળા હનુમાને શરીરને અંગુઠા જેટલું નાનું કરી, સુરસાના મુખમાં પ્રવેશીને તરત જ બહાર નીકળ્યા. સુરસાએ પ્રસન્ન થઈ, મૂળ રૂપ ધારી, કહ્યું; 'તમે ભગવાન રામના કાર્ય માટે જઈ શકો છો. વિદેહનંદિની સીતાનો રામ સાથે મેળાપ કરાવો એવા આશીર્વાદ આપું છું.' આગળ જતાં હનુમાનને સિંહિકા નામની રાક્ષસીનો સામનો કરવાનો આવ્યો. તે પાણીમાં પડનારી છાયાને પકડી તેનો નાશ કરતી. હનુમાને એના કપટને વરતી, એનો નાશ કર્યો.

એ પછી સમુદ્રના સામેના તટે પહોંચી પહેલાં તો લંકાનું અવલોકન કર્યું. પછી રાત્રે અત્યંત નાનું સ્વરૂપ લઈને લંકામાં પ્રવેશ કર્યો. ત્યાં જ તેમને લંકા નામની રાક્ષસી મળી. એણે હનુમાન પર પ્રહાર કર્યો તો સામે વીર હનુમાને એને મુક્કાથી નીચે પાડી દીધી. તે પ્રાણદાન માટે પ્રાર્થવા લાગી ને બોલી : 'મને બ્રહ્માએ વરદાન આપ્યું છે કે તને કોઈ પરાક્રમથી વશ કરી લે ત્યારે સમજી લેજે કે રાક્ષસો પર મહાન ભય તોળાઈ રહ્યો છે. મને લાગે છે કે દુરાત્મા રાજા રાવણનો અને રાક્ષસોનો નાશ પાસે છે. તમે લંકાપુરીમાં પ્રસન્નતાપૂર્વક પ્રવેશો. તમારા જેવા 'દૈવી રામદૂત'ના દર્શનથી મારી જાતને સૌભાગ્યશાળી સમજું છું.'

હનુમાનજી તો આગળ વધતા આજુબાજુ બધે ફરી વળ્યા. આખરે રાવણના રાજપ્રાસાદમાં પહોંચ્યા. પરંતુ ક્યાંય સીતા ન દેખાતાં નિરાશ થયા. પણ પુરુષાર્થપરાયણ પુરુષને માટે વિષાદ વિષ બરાબર છે. તે રાવણના મહેલ પરથી કૂદીને અશોક-વાટિકાની દીવાલ પર ચડ્યા.

*



# ॥ સીતામાતાનું દર્શન ॥

હનુમાનજી વૃક્ષ ઉપર ગુપ્ત રીતે રહીને રાક્ષસીઓથી ઘેરાયેલી સીતાને મળવા માટે શું કરવું તે વિચારવા લાગ્યા. એટલામાં રાવણે વાટિકામાં પ્રવેશ કરીને સીતાને ભાતભાતનાં પ્રલોભનો બતાવી પોતાની પટરાણી થવા સમજાવી. ત્યારે સીતાએ એને સન્માર્ગી બની, રામ પાસે પહોંચાડી, રામની ક્ષમા માગવા કહ્યું. રાવણે બે માસની અવધિ આપી જણાવ્યું કે, 'એટલા સમયમાં મારી નહિ થાય તો તને તલવારથી મારી નાખીશ.' સીતાની આસપાસ આસુરી સંપત્તિ હતી પણ એ અચળ હતી. તેને રામમાં અને રામની રક્ષામાં શ્રદ્ધા હતી. હનુમાનને વિલોકીને એને અતિશય આદરભાવ થયો.

રાવણના ગયા પછી રાક્ષસીઓ તેને ડરાવવા-ધમકાવવા લાગી ત્યારે ત્રિજટાએ એને શાંતિ આપી અને સૌને પોતાનો સ્વપ્નવૃત્તાંત વર્ણવી જણાવ્યું કે; રાવણનો નાશ થશે. વિભીષણને લંકાનું રાજ્ય મળશે ને રામ સીતાને સાથે લઈ જશે.

વૃક્ષ પર વિરાજીને રામની જ્વલંત જીવનગાથા ગાનાર હનુમાનજી સીતા આગળ પ્રત્યક્ષ થયા ત્યારે પહેલાં તો સીતા સંમિશ્રિત ભાવો અનુભવી રહી. પરંતુ હનુમાને રામના મધુમય મેળાપની તેમજ બીજી બધી કથા કહી સંભળાવી અને રામની મંગલ મુદ્રિકા અર્પણ કરી ત્યારે એની સઘળી શંકા શમી ગઈ. હનુમાનજીને એમના અદ્ભુત, અમુલખ પરાક્રમ બદલ અભિનંદન આપ્યા. હનુમાને પણ સીતામાતાને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. રામ તેમની મુક્તિ માટે સદ્યાતિસદ્ય આવી પહોંચશે એવો વિશ્વાસ પ્રગટાવ્યો. મુદ્રિકાને નિહાળી સીતા ક્રંદન

કરવા લાગી ત્યારે હનુમાને ગદ્‌ગદ્ સ્વરે કહ્યું; 'માતા તમારા કરતાં રામનો પ્રેમ લેશ પણ ઓછો નથી. સાચું કહું તો બમણો છે.'

હનુમાને સીતાને કહ્યું; 'હું તમને અત્યારે જ મારી પીઠ પર બેસાડીને લઈ જઈ શકું તેમ છું પણ મને તમારી માહિતી મેળવીને પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રામનું કાર્ય રામ જ કરશે. તમારી માહિતી મળતાં જ રામ વાનરોની સેના સાથે આવીને તમને લઈ જશે.'

સીતાએ હનુમાનને જણાવ્યું કે રામને કહેજો રાવણે આપેલી સમયમર્યાદાની પહેલાં નહિ આવો તો હું જીવતી નહિ રહું.

પછી સીતાએ કપડામાં બાંધેલા સુંદર દિવ્ય ચૂડામણિને હનુમાનના હાથમાં મૂકીને કહ્યું; 'આ રામને અર્પણ કરજો.' હનુમાને એ મેળવી કૃતકૃત્યતા અનુભવી.

વાનરોની શક્તિની સીમિતતાના સંદર્ભમાં સીતાએ દર્શાવેલી શંકાનું સમાધાન કરવા હનુમાને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવી, અભિનવ વિશ્વાસ જગાવી, સીતાની રજા લીધી. સીતાએ એમને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ આપ્યા.

*

## ॥ રાવણની સભામાં હનુમાન ॥

હનુમાનજી રાક્ષસોની કસોટી કરવાના સંકલ્પથી પ્રેરાઈને અશોકવાટિકાનો વિધ્વંસ કરવા લાગ્યા. આખીય વાટિકા જોતજોતામાં વેરવિખેર થઈ ગઈ. આ સમાચાર રાવણને પહોંચતાં જ તેણે કિંકર નામના રાક્ષસોને મોકલ્યા. એનો નાશ થતાં અક્ષકુમારને વિશાળ સૈન્ય સાથે મોકલ્યા. હનુમાને એ સઘળાનો નાશ કરતાં રાવણે મેઘનાદને મોકલ્યો. હનુમાને એના રથનો



વિશાળ વૃક્ષથી ધ્વંસ કરી દીધો. પણ બ્રહ્માસ્ત્રના પ્રયોગથી હનુમાન ધરતી પર ઢળી પડ્યા એટલે મેઘનાદ એમને નાગપાશથી રાવણ પાસે લઈ ગયો. રાવણની રાજસભામાં હનુમાને પોતાનો રામના દૂત તરીકેનો પરિચય આપી, રાવણના દુર્વ્યવહારની પરવા કર્યા વિના તેને થોડીક શિખામણ આપી; 'મહાબુદ્ધિમાન ! તમે ધર્મ અને અર્થના રહસ્યને જાણો છો. તમે પ્રખર તપનો સંગ્રહ કર્યો છે.' 'પરસ્ત્રીને ઘરમાં રાખવાનું જરા પણ ઉચિત નથી. રામનો અક્ષમ્ય અપરાધ કરીને તમારું જીવિત રહેવું કઠિન છે.' હનુમાનની આ શિખામણ રાવણને કડવી લાગી. એણે હનુમાનનો વધ કરવાનો આદેશ આપ્યો ત્યારે વિભીષણે કહ્યું; 'ઉચ્ચ-નીચના જ્ઞાનવાળા શ્રેષ્ઠ રાજાઓ દૂતનો વધ કરતા નથી.' રાવણે આ વાત માની, હનુમાનના પુચ્છને વહેલી તકે સળગાવી દેવા કહ્યું.

હનુમાને તો પોતાના અંગને અત્યંત વિશાળ બનાવી દીધું. રાક્ષસોએ એમના અંગ પર વિશેષ વસ્ત્રો વીંટી, તેલ નાખી, જ્વાળા જલાવી. હનુમાન તો લંકા પર કૂદવા લાગ્યા. અગ્નિદેવના અનંત અનુગ્રહથી એમને અગ્નિજ્વાળાની જરા પણ પીડા ના થઈ. પવનથી પ્રદીપ્ત જ્વાળા લંકાના ભવ્ય ભવનોને જલાવવા લાગી. લંકાનો મોટો ભાગ બળી ગયો પણ સીતાને આંચ ના આવી. સીતા સત્ય, પ્રેમ, પવિત્રતાની મૂર્તિ હતી એટલે સુરક્ષિત રહી. એની પાસે પહોંચી હનુમાને સઘળી કથા કહી, જણાવ્યું; 'સુગ્રીવ સહસ્ર કોટિ વાનરો અને રામ-લક્ષ્મણ થોડા જ વખતમાં અહીં આવી, લંકાપુરીનો વિધ્વંસ કરી નાખશે. માટે ધૈર્ય ધારો.'

રામે તથા સુગ્રીવે સોંપેલા સત્કર્મને સંપન્નકરીને હનુમાન સમુદ્ર પરથી અંગાદિ વાનરો પાસે પહોંચી ગયા. વાનરો એમની પરાક્રમગાથાથી અસાધારણ આનંદ પામ્યા. સુગ્રીવ, રામ-

લક્ષ્મણની પ્રસન્નતાનો પાર ન રહ્યો. રામે કહ્યું; 'હનુમાન, તમે ખૂબ જ દુષ્કર કાર્યને સિદ્ધ કર્યું છે. તમારા ઉપકારનો બદલો મારાથી કોઈ રીતે વાળી શકાશે નહિ.' હનુમાને કહ્યું; 'પ્રભુ! જે કાંઈ થયું છે તે તમારી ઇચ્છા-શક્તિથી થઈ શક્યું છે. હું તો કેવળ નિમિત્ત છું. મારો ઉપકાર માનવાનો ન હોય.'

ભગવાન હંમેશાં પડદા પાછળ રહીને કામ કરે છે અને જીવનો મહિમા વધારે છે.

*

## ॥ વિભીષણ ॥

હનુમાનજીએ લંકાપુરીમાં પ્રદર્શિત કરેલું પરાક્રમ અત્યંત અસાધારણ અને આશ્ચર્યકારક હતું. રાવણ પણ વિસ્મિત થઈ ગયો. પણ વિભીષણે રાવણને સીતાને સન્માન સાથે પાછી સોંપીને રામ સાથે સ્નેહસંબંધ બાંધવાની સલાહ આપી. રાવણને એ ન રુચી, જેના સર્વનાશનો સમય નજીક હોય એને સાચી સલાહ નથી ગમતી. રાવણે વિભીષણનું ઘોર અપમાન કર્યું. એટલે વિભીષણ લંકાનો ત્યાગ કરી, રામ પાસે પહોંચ્યા. રામ તો શરણાગત પ્રતિપાલક હતા. એટલે પ્રેમથી એના આગમનને વધાવી સૌ વાનરોને કહ્યું; 'જે એકવાર પણ શરણે આવી હું તમારો છું એવું કહીને રક્ષા માટે મારી પ્રાર્થના કરે છે એને અભય કરી દઉં છું. એ મારું સનાતન વ્રત છે. (પછી) એ વિભીષણ હોય કે રાવણ પોતે ! મેં એને અભયદાન આપ્યું છે.'

રામે વિભીષણની પ્રશંસા કરીને એને લંકાનો રાજા બનાવવાની બાંયધરી આપી, સમુદ્રના પાણીથી એને તિલક કર્યું. રામદર્શન ને રામશરણથી વિભીષણને અપાર શાંતિ થઈ.

*



## ॥ સેતુરચના ॥

સુગ્રીવના આદેશાનુસાર વાનરસેના સમુદ્રના વિશાળ તટ પર એકઠી થઈ. રામે સમુદ્રને પ્રસન્ન કરવા ત્રણ દિવસ અનશનવ્રત આદર્યું પણ સમુદ્રે અનુગ્રહ ન કરતાં તેમને રોષ થયો. એને દંડ દેવા ધનુષ્યબાણ ધાર્યાં, એના બાણપ્રહારથી સમુદ્ર ખળભળી ઊઠ્યો. સમુદ્રને સંપૂર્ણપણે સૂકવી નાખવા મહા ભયંકર બાણ રામે હાથમાં લેતાં, અતિશય સંક્ષુબ્ધ સમુદ્ર દૈવી સ્વરૂપે બહાર આવ્યો અને એણે રામની ક્ષમા યાચી.

પછી સમુદ્રે કહ્યું; 'તમારી સેનામાં નલ અને નીલ નામના પરમ પ્રતાપી વાનર છે. એ વિશ્વકર્માના પુત્ર છે. એના શિલ્પકર્મમાં સમર્થ છે. તમારે માટે એને પ્રેમ છે. એટલા માટે એ મારી પર સેતુની રચના કરે તો એને હું ધારણ કરીશ.'

થોડાક દિવસમાં નલની વિશિષ્ટ શક્તિથી અને વાનરસેનાના સંયુક્ત પુરુષાર્થથી, શ્રીરામના આશીર્વાદથી સો યોજન લાંબો અને દસ યોજન પહોળો સેતુ તૈયાર થઈ ગયો.

*

## ॥ રાવણની હઠ ॥

સેતુરચના પૂરી થતાં વાનરો એના પરથી સમુદ્રના સામા કિનારા પર પહોંચી ગયા. રાવણ આશ્ચર્યચકિત થઈ ગયો. એને રામ પ્રત્યેના વેરને પરિત્યાગી, સીતાને પાછી સોંપવા પત્ની મંદોદરીએ અનુરોધ કર્યો. પણ રાવણ પર કોઈ અસર થઈ નહિ. રાવણપુત્ર પ્રહસ્તે પણ 'સાચું કલ્યાણ સીતાને માટે પવિત્ર ભાવ સેવીને એને પાછી સોંપવામાં છે' એવી શિખામણ આપી, પરંતુ રાવણે તે માની નહિ.

રાવણે તો પોતાની માયાથી રામનું ધડથી અલગ કરાયેલું મસ્તક સીતાની આગળ રજૂ કર્યું ને રામાદિના નાશના સમાચાર સંભળાવ્યા. આથી સીતાનો શોક પરાકાષ્ઠાએ પહોંચ્યો. પણ સરમા નામની સખી સમી રાક્ષસીએ કહ્યું; 'રાવણના શિર પર કાળ નાચી રહ્યો છે. યુદ્ધમાં રાક્ષસોના સંહાર અને પોતાના વધ દ્વારા એ ખેદાનમેદાન થશે નહિ ત્યાં સુધી કેવળ ભય બતાવવાથી એ તને નહિ છોડે.'

મંત્રી માલ્યવાને પણ રાવણને સર્વનાશમાંથી બચવા માટે રામની સાથે સંધિ કરવાની સલાહ આપી પણ રાવણને તે રુચી નહિ.

લંકાના પર્વતશિખર પર રાવણનો રસોત્સવ ચાલી રહ્યો હતો. રામે રાવણના અહંકારને શમાવવા એક જ બાણના પ્રયોગથી રાવણના છત્ર, મુકુટ ને કુંડળને ધરતી પર ઢાળી દીધાં. આ અશુભ ઘટનાથી સૌને ચિંતા-આશંકા થયાં. મંદોદરીએ રાવણને ફરી વાર સમજાવી જોયો પણ તે માન્યો નહિ.

રામે અંગદને દૂત તરીકે રાવણ પાસે મોકલીને એને સર્વનાશમાંથી ઉગરવાનો એક અવસર આપ્યો. પણ રાવણે એ ખોઈ નાખ્યો. એની ભયંકર ઉન્માદ અવસ્થાનો અંત આવ્યો નહિ. પરિણામે યુદ્ધ અનિવાર્ય બન્યું.

રાવણે અંગદ, રામ-લક્ષ્મણ સાથે સમગ્ર વાનરસેનાને પકડી, મારી નાખવાની આજ્ઞા કરી. આ સાંભળી અંગદે પોતાના પગને ખસેડવાની શક્તિ બતાવવા જાહેર આહ્‌વાન કર્યું. કોઈ એના પગને ખસેડી ના શક્યું. છેવટે રાવણ ઊઠ્યો એટલે અંગદે જણાવ્યું : 'મારો પગ પકડવાથી તારું કલ્યાણ નહિ થાય. તારે ઉદ્ધાર કરવો હોય તો રામના ચરણને પકડી લે.' આ સાંભળી રાવણ ખિસિયાણો પડી બેસી ગયો.

છેવટે પોતાના પાદપ્રહારથી અંગદે રાવણના રાજપ્રાસાદની



અગાસી તોડી નાખી, સિંહનાદ કરીને આકાશમાર્ગ દ્વારા રામને મળવા માટે પ્રયાણ કર્યું.

*

## ॥ રામ-રાવણ યુદ્ધ ॥

મિથ્યાભિમાની રાવણ છેવટ સુધી સમજ્યો નહિ અને લડવા માટે તૈયાર થયો. એટલે વાનરસેનાએ રામ-લક્ષ્મણના માર્ગદર્શન પ્રમાણે લંકા ઉપર આક્રમણ કર્યું. રાક્ષસો અને વાનરો વચ્ચે ભીષણ સંગ્રામ શરૂ થયો. અડધોઅડધ સેનાનો સંહાર થયેલો જોઈ રાવણે મંત્રી માલ્યવાનની સલાહ લીધી. એણે તો કહ્યું; 'વેર છોડીને સીતાને સોંપી દો. રામની ભક્તિ કરો.' આ સાંભળી રાવણે તેનું અપમાન કર્યું. રામ સાથે ભીષણ યુદ્ધ આદરીને રામ-લક્ષ્મણને નાગપાશથી બાંધી દીધા. મહાબલી વિનતાનંદન ગરુડે આવીને તેમને નાગપાશમાંથી મુક્ત કર્યા.

રાક્ષસોની આસુરી શક્તિઓ પ્રતિપક્ષોને પરાસ્ત કરતી પણ રામની કૃપાથી વાનરો એમનો સહેલાઈથી સંહાર કરવા માંડ્યા. એટલે ચિંતાતુર રાવણ કુંભકર્ણ પાસે પહોંચ્યો. તેને માંડ માંડ જગાડીને સંગ્રામની સઘળી કથા કહી. કુંભકર્ણે સ્પષ્ટ કહ્યું : 'તેં હાથે કરીને નાશ નોતર્યો છે. હજુ પણ અહંકારને છોડીને રામશરણ લઈ ભૂલને સુધારી લે. તો તારું કલ્યાણ થશે.' પણ પછી રાવણના કહેવાથી યુદ્ધના મેદાનમાં કુંભકર્ણે માયા ઘણી કરી. વાનરોને માર્યા પણ ખરા પણ રામની આગળ તે નિરુપાય રહ્યો. ને છેવટે રામના બાણથી તેનું મસ્તક ધડથી અલગ થઈ લંકામાં પડ્યું. ધડ સમુદ્રમાં પડ્યું.

રાવણ એ જાણી વિલાપ કરવા લાગ્યો પણ તેને સુધરવું તો

નહોતું જ. પુત્ર ઈન્દ્રજિતે કહ્યું; 'તાત ! ઈન્દ્રજિત જીવે છે ત્યાં સુધી ચિંતા ન કરો. આજે હું રામ અને લક્ષ્મણના શરીરને બાણોથી ભેદી નાખીશ.' ઈન્દ્રજિતના પ્રહારથી-બ્રહ્માસ્ત્રના પ્રયોગથી લક્ષ્મણ અચેત બની ગયો. લંકામાંથી હનુમાનજી સુષેણ વૈદને લઈ આવ્યા. એમણે હિમાલયની અમોઘ ઔષધિનો નિર્દેશ કર્યો અને હનુમાને રાતોરાત એ ઔષધિ લઈ આવવા પ્રયાણ કર્યું. સાચા સેવક દિવસ કે રાતનો વિચાર કર્યા વિના સેવાને જ અગત્ય આપે એ મુજબ રામકાર્યને પોતાનું કલ્યાણકાર્ય સમજીને એ ચાલી નીકળ્યા. અલૌકિક ઔષધિ ન ઓળખાતાં, હનુમાનજી હિમાલયના શિખરને ઉપાડી લાવ્યા. અયોધ્યાપુરીથી પસાર થતા હનુમાનને નિશાચર માનીને ભરતે ફરા વિનાનું બાણ માર્યું. હનુમાનજી રામના મધુર ઉચ્ચાર સાથે પૃથ્વી પર પડ્યા. ભરતે રામભક્તને મારવાનો દોષ અનુભવ્યો અને પ્રાર્થના કરી. 'મન, વચન, કાયાથી જો મારી રામના ચરણકમળમાં પ્રીતિ હોય અને રામની મારા પર કૃપા હોય તો આમનું દુઃખ દૂર થાવ.' હનુમાન રામનામ લઈને તરત જ જાગૃત થયા. ભરતે કહ્યું; 'મારા બાણ પર તમે શિખર સાથે ચઢી જાવ તો તમને વહેલી તકે. રામલક્ષ્મણ પાસે પહોંચાડી દઉં પણ હનુમાને રામની કૃપાથી હું સમયસર પહોંચી જઈશ કહી પ્રસ્થાન કર્યું.'

હનુમાનજીએ આણેલી 'સંજીવની બૂટી'ના પ્રયોગથી લક્ષ્મણને નવજીવનની પ્રાપ્તિ થઈ.

હવે પોતાનું પરાક્રમ અધૂરું લાગતાં મેઘનાદ નિકુંભિલા મંદિરમાં જઈને યજ્ઞ કરવા માંડ્યો. લક્ષ્મણે એ યજ્ઞનો વિધ્વંસ કર્યો. ઈન્દ્રજિત અને લક્ષ્મણ વચ્ચે ઘોર યુદ્ધ થયું. છેવટે લક્ષ્મણે ભયંકર અસ્ત્રપ્રયોગથી ઈન્દ્રજિતના મસ્તકને ધરતી પર ઢાળી દીધું. આ જોઈ હજારો રાક્ષસોમાંથી એક પણ રાક્ષસ ત્યાં ઊભો રહ્યો નહિ.

*



## ॥ રાવણનો નાશ ॥

કુંભકર્ણ-ઈન્દ્રજિતના નાશમાંથી રાવણે જો બોધપાઠ લીધો હોત તો લંકાનું ભાગ્ય બદલાઈ જાત. પરંતુ 'હાર્યો જુગારી બમણું રમે'ની નીતિ રાવણે અપનાવી અને યુદ્ધે ચડ્યો. રામ રથરહિત થતાં ઈન્દ્રે એમને માટે રથ મોકલ્યો. પછી રામ-રાવણ વચ્ચે ભીષણ યુદ્ધ થયું. 'સત્યનો જ જય થાય છે, અસત્યનો નહિ.' એ ન્યાયે રામે બ્રહ્માસ્ત્રથી રાવણનું હૃદય વિદારી નાખ્યું. રાવણ રથ પરથી પૃથ્વી પર પડ્યો. વાનરસેનામાં આનંદ આનંદ થઈ રહ્યો અને સમસ્ત લંકા શોકમાં ડૂબી ગઈ. રઘુનંદન રામનો જય જયકાર થઈ રહ્યો.

શોકમગ્ન વિભીષણને સાંત્વન આપતાં રામે જણાવ્યું, 'વેર જીવનપર્યંત જ રહે છે. મૃત્યુ પછી અંત આવે છે. હવે રાવણના અગ્નિસંસ્કાર કરો. એ તમારો સ્નેહી છે તો મારો પણ સ્નેહભાજન છે.' રામે વિભીષણ પાસે રાવણની ઉત્તરક્રિયા કરાવી અને મંદોદરી વિલાપ કરવા લાગી.

*

## ॥ સીતાની અગ્નિપરીક્ષા ॥

રામના આદેશાનુસાર વિભીષણનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. રામે અભૂતપૂર્વ વિજય તથા પરાક્રમ બદલ વાનરવીરોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

પરંતુ પછીની પરિસ્થિતિએ જુદો જ વળાંક લીધો. વિભીષણે સીતાને રામની આગળ સન્માનસહિત ઉપસ્થિત કરી ત્યારે રામે એની શુદ્ધિની ખાતરી કરાવવાના હેતુથી કેટલીક અરુચિકર વાતો કહી. એથી પોતાની પવિત્રતા દર્શાવવા સીતાએ અગ્નિપ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. રામના આદેશ પ્રમાણે લક્ષ્મણે ચિતા તૈયાર

કરી એટલે સીતાએ અગ્નિદેવને ઉદ્દેશીને જણાવ્યું. ''મારું હૃદય જો એક ક્ષણને માટે પણ શ્રીરામથી દૂર થયું ના હોય તો સમસ્ત સૃષ્ટિના સાક્ષી અગ્નિદેવ ! મારી સર્વ તરફથી રક્ષા કરો. મારું ચરિત્ર શુદ્ધ હોવા છતાં રામ મને દૂષિત સમજે છે. મન, વચન, કર્મથી કોઈવાર સર્વ ધર્મના જ્ઞાતા શ્રીરામનું મેં અતિક્રમણ ના કર્યું હોય તો અગ્નિદેવ મારી રક્ષા કરો.'' સીતાના શબ્દો પરથી એની પરમ પવિત્રતાની નિષ્ઠાનો ખ્યાલ આવે છે.

સીતાને સારુ અગ્નિજ્વાળા ચંદન જેવી શીતળ થઈ. એમાંથી સીતા સાથે અગ્નિદેવે બહાર આવી, સીતાની પવિત્રતાની પ્રતીતિ કરાવીને એનો સહર્ષ સ્વીકાર કરવા રામને જણાવ્યું.

કહેવાયું છે કે; એ વખતે દશરથે દિવ્યલોકમાંથી વિમાનમાં આવીને રામના કર્તવ્યપાલન બદલ પ્રસન્નતા પ્રગટ કરી અને રામ-લક્ષ્મણ-સીતાને આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

*

## ॥ રામનો રાજ્યાભિષેક ॥

રામની પ્રાર્થના પ્રમાણે ઈન્દ્રે યુદ્ધમાં મરેલા વાનરોને પુનર્જીવિત કર્યા. વાનરોનો સમુચિત સત્કાર કરી વિભીષણે વૈભવશાળી પુષ્પક વિમાન તૈયાર કર્યું. એમાં બેસીને રામે વિભીષણ, સુગ્રીવ, અન્ય વાનરવીરો તેમજ સીતા-લક્ષ્મણ સાથે અયોધ્યા પ્રતિ પ્રયાણ કર્યું.

ભરદ્વાજ આશ્રમમાં પ્રવેશીને સૌએ એમને પ્રણામ કરીને એમનું આતિથ્ય ગ્રહણ કર્યું. રામે પ્રાર્થના કરી કે રસ્તાનાં સઘળાં વૃક્ષો ફળવાળાં ને મધુની ધારા ટપકાવતાં થઈ જાય. ભરદ્વાજે એ પ્રાર્થના સ્વીકારી અને સઘળાં વૃક્ષોને સ્વાદુ ફળોથી ભરી દીધાં.



નંદિગ્રામ પાસે આવતાં રામે હનુમાનને ભરત પાસે મોકલ્યા ભરતનું અંતર રામમિલન માટે અતિઆતુર હતું. રામ વિનાની એકેએક ક્ષણ એને માટે યુગ જેવી હતી. રામને મળીને ભરતને અસાધારણ આનંદ થયો. એ આનંદ કેવળ અનુભવગમ્ય હતો.

રામ અયોધ્યાપુરીમાં પધાર્યા એટલે પ્રજાજનોની પ્રસન્નતાનો પાર ના રહ્યો. કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા બધાં કૃતાર્થ થયાં. સૌની અને ભરતની ઈચ્છાથી 'રામનો રાજ્યાભિષેક' થયો. રામરાજ્યના સુંદર સુખમય સમયને વર્ણવતાં મહર્ષિ વાલ્મીકિ જણાવે છે કે; 'શ્રીરામના શાસનકાળ દરમિયાન કોઈ વિધવાના વિલાપ સંભળાતા ન હતા. સૌ પ્રસન્ન અને સુખી હતા. બધી પ્રજા ધર્મપરાયણ હતી.'

જે રાજ્યના સૂત્રધાર, સંચાલક જ સાત્ત્વિક, સદ્‌વિચારશીલ, અને સત્કર્મપરાયણ હોય તે રાજ્યની પ્રજા પણ ઓછેવત્તે અંશે એવી જ બને એમાં કશું આશ્ચર્ય નથી. રામાયણના યુદ્ધકાંડની આમ સુખમય પરિસમાપ્તિ થાય છે. (પરંતુ આગળ ઉપર ઉત્તરકાંડનો આરંભ થાય છે.)

આ કૃતિ માટે કહેવાયું છે : 'આ રામાયણ આયુ, આરોગ્ય, યશ અને ભ્રાતૃભાવને વધારનારું, સદ્‌બુદ્ધિ આપનારું ને કલ્યાણકારક છે.'

*

## ॥ સીતાત્યાગ ॥

અયોધ્યા રઘુનંદન રામ આવ્યા એટલે અયોધ્યા સુખશાંતિથી સંપન્ન અને રસમય બની ગઈ. અંતરની અયોધ્યામાં પણ રામ પધારે એટલે સૂનું, જડ જીવન હર્યુંભર્યું જ્યોતિર્મય બની જાય.

અયોધ્યામાં સર્વત્ર આનંદ છવાઈ રહ્યો તો રામ અને

સીતાના જીવનમાં પણ સુખનો નવો અધ્યાય આરંભાયો. પરંતુ એ લાંબો સમય ચાલ્યો નહિ. એક દિવસ રામે એમના સખા ભદ્ર દ્વારા સાંભળ્યું કે; નગરજનો સીતાના સંબંધમાં આલોચનાત્મક વાતો કરી રહ્યા છે. લંકામાં રાવણની અશોકવાટિકામાં રહેલી સીતાને રામે અપનાવી એની ટીકા થઈ રહી છે. એ સાંભળીને રામે સીતાના ત્યાગનો સંકલ્પ કર્યો. એમણે લક્ષ્મણને સીતાને ગંગાની પેલે પાર તમસા નદીના તટ પર આવેલા મહર્ષિ વાલ્મીકિના આશ્રમ પાસેના વનમાં મૂકી આવવા જણાવ્યું. લક્ષ્મણે એમની આજ્ઞાનું પાલન કર્યું. સીતાની આંખમાંથી અશ્રુધારા વહી. તેણે કહ્યું; 'સુમિત્રાપુત્ર, મારા શરીરને હું અત્યારે જ ગંગામાં સમાવી દેત. પણ એમ કરવાથી મારા પતિદેવનો રાજવંશ નષ્ટ થઈ જાય તેમ છે.'

રામને કહેજો કે; 'અપયશના ભયથી જ તમે મારો ત્યાગ કર્યો છે—તેને દૂર કરવાનું મારું પણ કર્તવ્ય છે. કારણ કે મારા એકમાત્ર આશ્રય તમે છો.'

વાલ્મીકિને ખબર પડતાં તે સીતાની સમીપ આવ્યા, બોલ્યા : 'તારા પરિત્યાગના કારણને મેં મારા મનોબળથી જાણી લીધું છે. બ્રહ્માંડમાં જે કંઈ બને છે તેને હું જાણું છું. હું જાણું છું કે તું નિષ્પાપ છે. તું મારી પાસે છે એટલે નિશ્ચિંત બની જા. મારા આશ્રમ પાસે જ કેટલીક તપસ્વિનીઓ રહે છે એ તારું પુત્રીની જેમ પાલન કરશે.'

*

## ॥ સીતાનો પૃથ્વીપ્રવેશ ॥

વખત વીતતાં સીતાએ લવ તથા કુશને જન્મ આપ્યો. રામે



અશ્વમેઘ યજ્ઞની તૈયારી કરી એના અનુષ્ઠાન માટે નૈમિષારણ્ય પસંદ કર્યું. એ યજ્ઞ એક વરસથી પણ અધિક સમય સુધી ચાલ્યો. એ અદ્ભુત યજ્ઞમાં મહર્ષિ વાલ્મીકિ પણ જઈ પહોંચ્યા. એમના આદેશથી લવ અને કુશે રામ સમક્ષ રામાયણના આરંભનું સંગીત સાથે ગાન કર્યું. એથી રામ અને અન્ય સભાજનો આનંદ અને આશ્ચર્ય પામ્યા. રામે વાલ્મીકિને સાદર સન્માનીને સીતાની શુદ્ધિનું પ્રમાણ પૂરું પાડવા કહ્યું.

મહર્ષિ વાલ્મીકિએ કહ્યું; 'જો મિથિલેશકુમારી સીતામાં કોઈ દોષ હોય તો મને મારા તપનું ફળ ન મળે. મેં મન, વચન, કર્મ દ્વારા કોઈ પાપ કર્યું નથી. જો સીતા નિષ્પાપ હોય તો જ મને એ પાપરહિત પુણ્ય કર્મનું ફળ મળે.'

મહર્ષિની સંમતિ મેળવી સીતા સંવેદનશીલ સ્વરમાં શાંતિથી બોલી; 'હું રામ સિવાય બીજા કોઈ પુરુષનું મનથી પણ ચિંતન કરતી નથી. જો એ વાત સાચી હોય તો પૃથ્વીમાતા મને પોતાના ખોળામાં સ્થાન આપે. મન, વચન, કર્મ દ્વારા હું કેવળ રામની જ આરાધના કરતી હોઉં તો પૃથ્વીમાતા મને પોતાના ખોળામાં સ્થાન દે.'

એ શબ્દો જેવા ઉચ્ચારાયા કે તરત જ પૃથ્વીમાંથી એક અલૌકિક સુંદર સિંહાસન પ્રગટ્યું. એની સાથે પૃથ્વીદેવી પણ પધાર્યાં. સીતાને એ સિંહાસન પર બેસાડીને પૃથ્વીમાતાએ એને પોતાનામાં સમાવી લીધી. એ જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત, ઉલ્લસિત-વિષાદમગ્ન થઈ ગયા. રામનું હૈયું હચમચી ગયું, પક્ષીની એક પાંખ કપાઈ ગઈ ! સીતાની શુદ્ધિ સંબંધી કોઈને પણ સંદેહ રહ્યો નહિ. પણ સીતાના જીવનનો આવો અસાધારણ, કરુણ અંત આવશે એની કોઈને કલ્પના પણ ન હતી.